સુવિચાર
સરસને બદલે સરળ બનવા પ્રયત્ન કરવો કારણ કે સરસ આંખો સુધી પહોંચે છે, જયારે સરળ હૃદય સુધી પહોંચે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૪/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
ક્રીમ વ્હાઈટ શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૬,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ ચૈત્ર વદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૧૧૨

## એરપોર્ટની પાછળ આવેલ શાસ્ત્રીનગરમાં દુર્ઘટના ઘટી

# અમરેલીમાં પ્લેન ક્રેશ થતાં તાલીમી પાયલોટનું મોત

**પ્લેન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થતાં સ્થાનિકો આગ બુઝાવવામાં મદદરૂપ બન્યા**

**પ્લેન ક્રેશ થઈ જમીન પર પટકાતા આગનાં ગોળામાં ફેરવાઈ જતાં ચાલકનું ઘટના સ્થળે જ મોત થયું**

**મૃતક તાલીમી પાયલોટનું નામ અનિકેત મહાજન હોવાનું બહાર આવ્યું**

**બનાવની જાણ થતાં જિલ્લા કલેક્ટર, એસપી સહિતનાં અધિકારીઓ દોડી ગયા**



અમરેલી, તા. ૨૨

અમરેલી ખાતે બપોરના સમયે એક મીની પ્લેન અચાનક જ કોઈ કારણોસર ક્રેશ થતાં આ પ્લેન ચલાવવા માટેની ટ્રેનિંગ લેતાં એક પાયલોટનું પ્લેન સળગી જવાના કારણે દાઝી જતાં ઘટના સ્થળે મોત થયું હતું. જયારે આ બનાવમાં પાયલોટને બચાવવા ગયેલ વ્યકિત પણ દાજી જતાં તેમને પણ સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ અમરેલીમાં છેલ્લા ત્રણ-ચાર માસથી પ્લેનના પાયલોટ બનવા માટે વિઝન ફલાઈંગ ઈન્સ્ટિટયુટ દ્વારા ટ્રેનિંગ શરૂ કરવામાં આવેલ છે. આ ટ્રેનિંગ માટે આશરે ૪ જેટલાં મીની પ્લેન દ્વારા પાયલોટને ટ્રેનિંગ અપાવવામાં આવી રહી છે. ત્યારે સવારે ૬ વાગ્યાથી લઈ રાત્રીના ૧૧ વાગ્યા સુધી અમરેલી શહેર ઉપર ઘરરાટી બોલાવતા હોય છે. ત્યારે અમરેલી જાણે મુંબઈનું શાંતાક્રુઝ હોય તેમ લાગી રહયું છે.

આ પાયલોટને ટ્રેનિંગ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## રાજકોટ તરફથી આવી રહી હોય

# બાબરામાં મોડી રાત્રિએ અચાનક કારમાં આગ લાગતા અફડા-તફડી

**જો કે કારમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ**

બાબરા, તા. ૨૨

બાબરામાં ગત મોડી રાતે રાજકોટ તરફથી આવી રહેલ એક પરિવાર અહીં સિવિલ હોસ્પિટલ નજીક પહોંચતા કારમાં આગ લાગી રહી હોવાની જાણ થતાં તુરંત પરિવાર કારમાંથી બહાર આવી જતા કાર થોડી મિનિટોમાં સળગવા લાગી હતી. હજુ કોઈ સમજે તે પહેલા તો આગ કાર પર સવાર થઈ ગઈ હતી. એટલીવારમાં એક પોલીસ કર્મચારી પસાર થતા તેઓ દ્વારા બાજુમાંથી પાણી ભરી મારો ચલાવતા આગ પર કાબુ આવી ગયો હતો. આઈ ૨૦ મોડેલ ધરાવતી કારને આગના કારણે ભારે નુકસાન થયું હતું જોકે પરિવારનો આબાદ બચાવ થતા પરિવારે રાહતનો ાસ લીધો હતો.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

## એક મહિલાએ સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યા બાદ

# અમરેલીની એક પોલીસ ચોકીના કથિત વિડીયોની તપાસ શરૂ કરાઈ

**જો કે એસપીએ વિડીયો દ્વારા થયેલ આક્ષેપને નકાર્યો**

અમરેલી, તા.૨૨

અમરેલીમાં લાઠી રોડ પર આવેલી પોલીસ ચોકીમાં દારૂની બોટલો સાથેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. અને એક મહિલા દ્વારા ચોકીમાં જઈને લાઈવ કરીને વિડીયો મૂકાયો હતો. અને આ મહિલા પોતે ત્યાં ગઈ ત્યારે દાર પીતા બે લોકો બહાર નીકળી ગયા હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

અમરેલીમાં રહેતા પ્રિયા માધવાણી નામના મહિલા દ્વારા અમરેલીમાં લાઠી રોડ પર આવેલી પોલીસ ચોકીમાં જઈને લાઈવ કરવામાં આવ્યું હતું. અને એક વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ કરવામાં આવ્યો છે. આ સાથે આ મહિલા દ્વારા એવું પણ જણાવવામાં આવ્યું છે. કે અમરેલીમાં લાઠી રોડ પર આવેલી પોલીસ ચોકીમાં સાંજના ૪:૪૫ વાગ્યે રૂબરૂ પોતાની ફરિયાદના કામે ગયા ત્યારે ચોકીમાં દરવાજો ખોલતા પાલીસ દારૂ પીતા હતા અને ત્યાર બાદ બે પોલીસ ત્યાંથી ભાગી

**અનુસંધાન પાના ૬ ઉપર**

## પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચનાથી એલસીબીનો સપાટ્ટો

# ધારીનાં મીઠાપુર (ડુંગર) ગામેથી અનઅધિકૃત બાયોડીઝલનું વેચાણ થતાં પોલીસ ત્રાટકી

**પોલીસે બે ટ્રક સહિત કુલ રૂપિયા ૩૦.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**



અમરેલી, તા. ૨૨

ધારી તાલુકાના મીઠાપુર (ડુંગરી) ગામેથી અનઅધિકૃત બાયોડીઝલનું વેચાણ/ઉપયોગ કરતા હોવા અંગેની બાતમી અમરેલી એલ.સી.બી.ટીમને મળતા દરોડો કરી બે ઈસમોને બાયોડીઝલ, બે ટ્રક સહિત કુલ રૂપિયા ૩૦,૮૫,૦૦૦/-ના મુદામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ બનાવમાં અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં બાયોડીઝલની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ રાખી, બાયોડીઝલનું ગેરકાયદેસર વેચાણ અને હેરફેર કરતા ઈસમો સામે કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને સુચના અને માર્ગદર્શન આપેલ હતી. જે અન્વયે ધારી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીની રાહબરી હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરા તથા એલ.સી.બી. ટીમે ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલ બાતમીના આધારે ધારી તાલુકાના મીઠાપુર (ડુંગરી) ગામે દરોડો કરી પોતાના આર્થિક લાભ માટે બાયોડીઝલનું અનઅધિકૃત રીતે વેચાણ કરતા અને ઉપયોગ કરતા ચલાલા ગામે દાનેવ સોસાયટીમાં રેહતા જયરાજભાઈ અમકુભાઈ માંજરીયા તથા સાવરકુંડલા ગામે આવેલ દેવળા ગેઈટ વિસ્તારમાં રહેતા રસુલભાઈ જમાલભાઈ પઠાણ નામના બે ઈસમોને બાયોડીઝલ ૧૪,૦૦૦ તથા ટ્રક નં.જી.જે.૦૩.વી. ૯૬૩૨ કિંમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦ તથા બીજા ટ્રક નં.જી.જે. ૧૦ એકમ, ૭૫૪૧ કિંમત રૂા.૧૦,૦૦,૦૦૦ તથા એક ટ્રકની ટાંકીમાં ભરેલ ડીજલ ૨૦૦ લીટર કિંમત રૂપિયા ૧૫,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ - ૨ કિંમત રૂપિયા ૧૧,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૦,૮૫,૦૦૦ના મુદામાલ સાથે પકડી પાડી. તથા પકડાયેલ આરોપી તથા સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરી, આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ. તથા આવશ્યક ચીજ વસ્તુ ધારાઓની કલમો હેઠળ ચલાલા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદામાલ આગળની કાર્યવાહી થવા ચલાલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૨/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## જળ સિંચન વિભાગનાં કાર્યપાલક ઈજનેરે કર્યો દાવો

# અમરેલી જિલ્લામાં પીવાના પાણીની કોઈ સમસ્યા નથી

જિલ્લાનાં ૧૦ જળાશયોમાં પાણીનો જથ્થો જરૂરી માત્રામાં સંગ્રહ થયેલ છે

પાલિકા પ્રમુખ બિપિન લીંબાણી કહે છે કે શહેરને દર પાંચ દિવસે પીવાનાં પાણીનું થાય છે વિતરણ

જિલ્લાની જનતાએ પીવાના પાણી પ્રશ્ને કોઈ ચિંતા કરવાની જરૂર નથી

ઠેબી, ખોડિયાર, શેલદેદુમલ સહિતનાં જળાશયો પાણીથી ભરેલા હોવાનું જણાવાયું



અમરેલી, તા. ૨૨

હાલમાં કાળઝાળ ગરમી વચ્ચે ૪૦ થી ૪૩ ડીગ્રી તાપમાન અમરેલી જિલ્લામાં જોવા મળી રહયું છે અને હજુ આગામી બે મહિના સુધી ઉનાળો આકરો લાગશે. ત્યારે સામાન્ય દિવસો કરતાં ઉનાળામાં લોકોની પાણીની જરૂરિયાત વધારે રહે છે. તેવા સમયે જ નર્મદાનું પાણી વધારે મળવાના બદલે કોઈના કોઈ ટેકનિકલ કારણોસર અમરેલી જિલ્લામાં ઓછું મળી રહયું છે.

ત્યારે અમરેલી શહેરની દોઢ લાખની વસ્તીને ચાર પાંચ દિવસે સ્થાનિક પાલિકા દ્વારા પાણી વિતરણ થાય છે. ત્યારે અમરેલી જિલ્લામાં આવેલ ૧૦ જેટલાં જળાશયોમાં પુરતા પાણી હોય આગામી ઉનાળાની સિઝનમાં પીવાના પાણી માટે કોઈ મોટી સમસ્યા ઉભી થાય તેમ નથી. તેમ અમરેલીના જળસિંચન સ્ટેટ વિભાગના કાર્યપાલક ઈજનેર હિરેનભાઈ વાજા દ્વારા જણાવાયું છે.

અમરેલી જિલ્લામાં ૧૦ જેટલાં જળાશયો આવેલા છે. જેમાં ગત ચોમાસા દરમિયાન સારા વરસાદના કારણે અનેક જળાશયો છલકાયા હતા. જેના કારણે અમરેલી જિલ્લાના જળાશયોમાં હાલ ઉનાળાની સિઝનમાં પણ પાણીની સ્થિતિ સારી હોય, જિલ્લામાં ઉનાળા દરમિયાન પાણીની કટોકટીની કોઈ જ શકયતા નથી.

અમરેલી જિલ્લાના જળાશયોમાં પાણીની સ્થિતિ બાબતે અમરેલીના સ્ટેટ જળસિંચન વિભાગના કાર્યપાલક ઈજનેરના જણાવ્યા મુજબ અમરેલી નજીક આવેલ ઠેબી ડેમમાં હાલમાં ૨૯ ટકા પાણીથી ભરેલો છે. જયારે ધારી નજીક આવેલ જિલ્લાનો સૌથી મોટો ડેમ ખોડિયાર જળાશયમાં હાલમાં ૬૩ ટકા પાણીથી ભરેલો છે તથા શેલદેદુમલ જળાશયમાં ૩૪ ટકા પાણીથી ભરેલો છે. મુંજીયાસર જળાશયમાં હાલ ૫૩ ટકા પાણી છે. ધાતરવડી–૧ ડેમમાં ૩૭ ટકા પાણી છે. વડિયા ડેમમાં પણ ૩૯ ટકા જેટલું હાલ પાણી છે. જયારે સુરજવડી ડેમમાં ૬૩ ટકા પાણીથી ભરેલો છે. જયારે રાયડી ડેમમાં પણ ૪૬ ટકા પાણીથી ભરેલો છે.

અમરેલી જિલ્લાના ખોડિયાર ડેમ, ધાતરવડી–૧ તથા રાયડી ડેમમાં પાણીનો જથ્થો પીવાના પાણી માટે થઈ રિઝર્વ રાખવામાં આવશે. તેમ પણ અમરેલીના જળસિંચન સ્ટેટ વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા જણાવાયું છે.

ત્યારે અમરેલી નગરપાલિકાના પ્રમુખ બિપિન લીંબાણીએ જણાવેલ છે કે, આગામી ઉનાળાની સીઝનમાં અમરેલી શહેરમાં પાણીની અછતને પહોંચી વળવા માટે અમરેલી નગરપાલિકા તરફથી અલગ–અલગ વોટરવર્કસ ખાતે કુલ–૧૩ નંગ બોર કરવાનું આયોજન પાલિકા દ્વારા કરવામાં આવેલ છે તેમજ સરકારમાં અમરેલીના લોકો માટે થઈ ઠેબી ડેમ તથા વડી ડેમ "સૌની યોજના" નાં પાણી મારફત ભરવા માટે દરખાસ્ત પણ પાલિકા દ્વારા કરવામાં આવેલ છે. આથી આ ઉનાળાની સીઝનમાં શહેરનાં લોકલ સ્ત્રોતમાં પાણી રહે અને શહેરના જળસ્તર પણ જળવાઈ રહે તે માટે આયોજન કરવામાં આવેલ છે. આમ પાલિકા તથા અમરેલીના જળસિંચન સ્ટેટ વિભાગ દ્વારા અમરેલી જિલ્લામાં આગામી ઉનાળાના દિવસોમાં પીવાના પાણીની કોઈ મોટી સમસ્યા ના સર્જાય તે માટે થઈને આયોજન કરી રહયા છે.

### મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓનાં પરીક્ષણ માટે

## ધારગણીનાં હસમુખભાઈ ગજેરાનું નિધન થતાં દેહદાન કરવામાં આવ્યું

ચલાલા ગાયત્રી પરિવારે જરૂરી કાર્યવાહી કરી

ચલાલા, તા. ૨૨

ગાયત્રી સંસ્કાર કેન્દ્રના વડા સંત ડો. રતિદાદા દ્વારા વિવિધ સેવાઓના ભાગરૂપે આજુબાજુના ગામમાં ગાયત્રી પ્રાર્થના, દીપ યજ્ઞ કેમ્પો વગેરે કરવામાં આવે છે. જેમાં ધારગણીના સેવાભાવી (આજીવન પક્ષીની ચણની સેવા) આપનાર સ્વઃ હસમુખભાઈ લવજીભાઈ ગજેરા તેમજ વિવિધ આગેવાનોએ દેહદાનનો સંકલ્પ લીધેલ હતો. અને ગાયત્રી પરિવારનું સંકલ્પ પત્ર ભર્યુ હતું.

હસમુખભાઈ લવજીભાઈ ગજેરા (પટેલ)નું અવસાન થતા તેના પુત્રો અશ્વિનભાઈ ગજેરા, વિજયભાઈ ગજેરા દ્વારા જાણ કરાતા તુરંત ડો. રતિદાદા તેમજ ધારગણી ગાયત્રી પરિવારના સભ્યો નટુભાઈ મિસ્ત્રી તથા બાલુબાપા દ્વારા દેહદાન સ્વીકારી અમરેલી શાંતાબા મેડિકલ કોલેજની એમ્બ્યુલન્સ દ્વારા દેહદાન અમરેલી મેડીકલ કોલેજમાં બાળકોના મેડીકલ અભ્યાસ માટે મોકલાયું હતું.

ગજેરા પરિવારે ખુબ મહત્વનો નિર્ણય લઈ ''દેહદાન મહાદાન''ના સૂત્રને સાર્થક કર્યુ હતું.



અને અશ્વિનભાઈ ગજેરાના દીકરી વિશ્રુતીબેન પણ તેના દાદા હસમુખભાઈ કાંધ આપી નવી રાહ સિંધી હતી.

ભરત ભૂષણ મહેશભાઈ મહેતા તથા નલીનભાઈ કોટડીયા, ડો. વાઘેલા, હરેશભાઈ મકવાણા એ વ્યવસ્થામાં સહકાર આપેલ હતો.

### ખેડૂતોનાં હિતમાં રાજય સરકારે નિયમોમાં કર્યો ઐતિહાસિક ફેરફાર

## ૭–૧૨ નાં ઉતારામાં એક કરતાં વધારે સહમાલીક હોય તો વીજ જોડાણ મેળવવા અન્ય સહમાલીકની સંમતિની જરૂર નથી

અરજદાર દ્વારા નોટરાઈઝડ સ્ટેમ્પ પેપર પર અપાયેલ પોતાનું સોગંદનામુ માન્ય રહેશે

અમરેલી, તા. ૨૨

ગુજરાતના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અને તેમની માંગણીઓને ધ્યાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકારે ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ વધુ સરળ તાથી પૂરા પાડવા ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

પ્રવર્તમાન જોગવાઈ મુજબ ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે ૭–૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીકના નામ હોય તો નોટરાઈઝડ સ્ટેમ્પ પેપર પર સહમાલિકનું સંમતિપત્રક મેળવવાની રહે છે. જેના કારણે ખાસ કરીને આદિજાતિ વિસ્તારોમાં વધુ વારસદારો હોવાથી આંતરિક વહેંચણી કરેલ હોય પરંતુ મહેસૂલી નોંધ ન હોવાને કારણે ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે મુશ્કેલીઓ પડતી હતી.

આથી ખેડૂતો તેમજ આદિવાસી વિસ્તારના ધારાસભ્યઓની રજૂઆતોને ધ્યાને લઈ રાજય સરકાર દ્વારા આ જોગવાઈમાં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. તે મુજબ હવેથી સહમાલીકના સંમતિપત્રકને બદલે હવેથી અરજદાર દ્વારા નોટરાઈઝડ સ્ટેમ્પ પેપર પર અપાયેલ સેલ્ફ ડિકલેરેશન ગ્રાહ્ય રહેશે.

આ ઉપરાંત નિયમોમાં એક નવો સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ ૭–૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીકના નામ હોય તો દરેક સહમાલીકને તે સર્વે નંબર/જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ આપવામાં આવશે. વીજ જોડાણ મેળવવા માટે અરજદારનું નામ ૭/૧૨ ઉતારામાં નોંધાયેલું હોવું જોઈએ, પાણીનો સ્ત્રોત/કુવો/બોર અલગ હોવો જોઈએ. અરજી સાથે અરજદાર દ્વારા સંપૂર્ણ જમીનનો સહભાગીદારોની અલગ સીમાઓ તથા હદબંધી દર્શાવતો સ્પષ્ટ નકશો રજૂ કરવાનો રહેશે. સહમાલિકો પોતાના નામે એક સર્વે નંબરમાં માત્ર એક જ વીજ જોડાણ મેળવવા પાત્ર રહેશે.

ખેડૂતલક્ષી નિર્ણય કરવા બદલ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈનો કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરાએ આભાર માનેલ છે.

## બાબરાનાં સ્વાતંત્ર્ય સેનાનીનાં પત્ની પુષ્પાબેન તેજુરાનું નિધન થયુ

અમરેલી, તા. ૨૨

બાબરા તાલુકા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન તે સ્વ. ચંદુલાલ ધરમસિંહ તેજુરા (સ્વાતંત્ર સેનાની બાબરા વાળા)ના ધર્મ પત્ની સ્વ અનિલભાઈ સ્વ મુકેશભાઈ, સ્વ. જતીનભાઈ, પરાગભાઈ (પ્રમુખ સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ) બીનાબેન કેસરિયા, કુ. કોઝેટબેન, કુ. રીટાબેનના માતૃશ્રી, પ્રથમ તેજુરાના દાદીમા તથા મહેશ ચંદ્ર કેશવલાલ તન્નાના બહેનનું તા. ૨૨/૪/૨૦૨૫, મંગળવાર સાંજે ૬:૩૦ કલાકે દુઃખદ અવસાન થયેલ છે. તેમની સ્મશાન યાત્રા



બુધવારે સવારે ૧૦ કલાકે તેમના નિવાસ્થાને 'પરાગ', શ્રીજી નગર, રામેર ચોક, રૈયારોડ રાજકોટ ખાતેથી નીકળશે અને રૈયા સ્મશાન ગૃહ જશે.

### અગાઉ વડીયાના ઢોરા તરીકે ઓળખાતી જગ્યા ઉપર વસેલું હતું ગામ

## અમરેલીનું લાપાળિયા નામશેષ થયા બાદ ફરી વસ્યૂ, અનેકે વહોરી હતી શહીદી

ગામરક્ષા માટે જીવ દેનારા બાળાપીરની દરગાહ, શહીદોના પાળીયા યથાવત

અમરેલી, તા. ૨૨

અમરેલીના લાપાળિયા ગામમાં આજે પણ બાળાપીરની દરગાહ અને શહીદોના પાળીયા આવેલા છે. જેની પાછળ વીરતાનો ઈતિહાસ છુપાયેલો છે. વર્ષો પહેલા આખું ગામ ભાંગીને નામશેષ થઈ ગયું હતું અને નજીકના વિસ્તારમાં ફરીથી ગામ વસાવવામાં આવ્યું હતું. આ ઈતિહાસની ગવાહી પૂરતા સ્થળો આજે પણ હયાત છે. આ ઈતિહાસ એટલો જૂનો છે કે ચોકકસ સમય, વર્ષ અને શહીદોના નામો પણ કાળક્રમે વિસરાઈ ગયા છે.

આ અંગે અમરેલીના લાપાળિયા ગામના વયોવૃદ્ધ વડીલો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ અમરેલી સાવરકુંડલા રોડ પર લાપાળીયા ગામથી થોડે દૂર વડીયા હનુમાનજીનું મંદિર આવે છે અને આ જગ્યા આજે પણ વડીયાના ઢોરા તરીકે ઓળખાય છે. વર્ષો પહેલા અહીં વડીયા ગામ વસેલું હતું તે સંપુર્ણ રીતે નામશૈષ થઈ ગયું છે. અને હાલમાં ત્યાં માત્ર હનુમાનજીનું મંદિર જ આવેલું છે. પહેલા જે ગામ હતું તે વડીયા તરીકે ઓળખાતું હતું અને વડીયાના ઢોરા તરીકે ઓળખખાતી જગ્યા ઉપર આ



ગામ વસેલું હતું. આ પછી હાલનું લાપાળિયા ગામ છે ત્યાં નવેસરથી ગામ વસ્યું અને આ ગામના ભાંગવા માટે પણ હુમલા થયા હતા ત્યારે ગામના અનેક સપૂતોએ તેનો પ્રતીકાર કર્યો હતો અને વીરગતિને પામ્યા હતા. આ રીતે શહીદ થનારાઓના પાળીયા આજે પણ ગામના પાદરમાં છે. આ ઉપરાંત એક મુસ્લિમ બાળકે પણ શહીદી વહોરી હતી જેની દરગાહ ગામાના છેવાડાના ભાગે આવેલી છે અને તે બાળાપીર તરીકે ઓળખાય છે. અને વર્ષોથી ગ્રામજનો તરીકે આ બધાની પૂજા કરે છે.

ભારતમાં મુગલ શાસનકાળ દરમિયાન એક એવો સમય આવ્યો હતો કે ગામોને લૂંટી લેવાતા હતા અને સળગાવી દેવાતા હતા. આ ઘટનાક્રમ પણ એ સમયનો હોવાનું માનવામાં આવે છે. તેની ચોકકસ તારીખ કે શહીદ થનારાના નામો પણ લોકો આજે ભૂલી ગયા છે. લાપાળિયા ગામનું નામ પણ આ શહીદોના પાળીયા પરથી પડયું હોવાનું માનવામાં આવે છે.

અમરેલીના લાપાળિયા ગામમાં પહેલા વર્ષો સુધી જયારે પણ ખોદકામ કરવામાં આવે ત્યારે તેમાંથી રાખના અવશેષો મળી આવતા હતા. ઘણી વખત હાડકાઓ પણ મળતા હતા. ભૂતકાળમાં આખું ગામ સળગાવી દેવામાં આવ્યું હતું.

આ અંગે ગામના વડીલોએ કહ્યું કે, હવે તો આ બધુ બંધ થઈ ગયું છે પણ વર્ષો પહેલા ગામમાં આવેલા બાળાપીરની દરગાહમાંથી દર શુક્રવારના દિવસે તેમની સવારી નીકળતી હતી અને આખા ગામમાં ફરતી હોય તે રીતે કોઈ દેખાતું નહીં પણ માત્ર અવાજો ઘણા લોકોને સંભળાતા હતા.

### ભાજપ કાર્યાલય ખાતે મળેલી બેઠકમાં

## અમરેલી ખાતે વકફ સુધારા અધિનિયમ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી

ભાજપ પ્રમુખ અતુલ કાનાણી ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા ભાજપ લઘુપતી મોરચાની બેઠક જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે મળી હતી જેમાં વકફ સુધારો અધિનિયમ ૨૦૨૫ અંગે ચર્ચા વિચારણ કરીને જિલ્લા કક્ષાની કાર્યશાળ ાઆગામી તારીખ ૨૬ને શનિવારના રોજ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે સાંજના ૫:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ બેઠકમાં જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, વકફ સુધારણા જનજાગૃતિ અભિયાન જીલ્લાના સંયોજક મયુરભાઈ માંજરીયા, સહ સંયોજક રજાકભાઈ કચરા, સાજિદખાન પઠાણ, એ.અમે નકવી, મહેબુબભાઈ કુરેશી, મહમદકાસીમ નકવી, પર્વતભાઈ રફઈ, અમિતા હોત, સમીરભાઈ કનોજીયા, ઓસમણભાઈ મહિડા (પિસ્ટન), અજીજભાઈ ગોરી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વડેરા અને રંગપુરનાં ટીબી અને કેન્સરનાં દર્દીને સહાય ચુકવાઈ



અમરેલી, તા. ૨૨

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા આંકડીયા નીચે આવતાં આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા અને રંગપુર ગામના ટીબી અને કેન્સરના દર્દીઓને તબીબી નાણાકીય સહાયના ચેક આપવામાં આવેલ. આ તકે આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાનો સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, કે.બી. દુધાત, ડી.જી. રાજયગુરૂ, બી.આર. ભટ્ટી અને કાજલબેન જાદવ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેર ભાજપ મહામંત્રી રાજેશ માંગરોળીયાનો સ્વીકાર કે અમરેલીનો વિકાસ થયો નથી

# અમરેલી જિલ્લામાંથી વિકાસનાં અભાવે જ સ્થળાંતર

**દિવસ-રાત વિકાસ, વિકાસ, વિકાસની ગુલબાંગો ફેંકતા સત્તા પક્ષનાં આગેવાનોનાં ગાલે સત્તા પક્ષનાં આગેવાને જ તમાચો માર્યો**

**અમરેલી સહિત રાજયમાં છેલ્લા ૩૦ વર્ષથી અને દેશમાં ૧૧ વર્ષથી ભાજપનું શાસન છતાં વિકાસ થતો નથી**

**વિકાસથી વંચિત રહેલ અમરેલીને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની માંગ કરવામાં આવી**

**મહાનગરપાલિકાની સુવિધા મળે તો જિલ્લા મથકનો વિકાસ શકય હોવાનું જણાવ્યું**

અમરેલી, તા. ૨૨

એક તરફ સતાપક્ષનાં આગેવાનો ઘણા વર્ષોથી દિવસ–રાત અમરેલી શહેર સહિત જિલ્લાનો વિકાસ થયો છે, થઈ રહયો છે અને થવાનો છે તેવી ગુલબાંગો ફેંકી રહયા છે. તો અમરેલી સહિત રાજયમાં ૩૦ વર્ષથી અને દેશમાં ૧૧ વર્ષથી જે પક્ષનુ શાસન છે તેવા ભાજપના અમરેલી શહેર પ્રમુખ રાજેશ માંગરોળીયાનો આત્મા જાગી ગયો છે.

તેઓએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, થોડા સમય પહેલા રાજયની નવ નગરપાલિકા ને મહાનગરપાલિકાનો દરજજો રાજય સરકાર દ્વારા આપવામાં આવ્યો છે. જેમાં નાં મોટા ભાગનાં શહેરો ઔદ્યોગિક રીતે તથા ઈન્ફાસ્ટ્રકચરની રીતે વિકસિત છે.તેમ છતા તેને મહાનગરપાલિકાનો દરજજો આપીને તેને વધુ વિકસિત થાય તથા વધુ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવું આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આમાંનાં અમુક શહેરો તો જીલ્લા બન્યા તેને બહુ લાંબા સમય થયો નથી તે છતાં પણ તેને મહાનગરપાલિકા બનાવીને વિકાસનો માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો છે. પરંતુ અમરેલી જીલ્લા પ્રત્યે રાજય સરકારે આ બાબતમાં ઓરમાયું વર્તન કર્યુ છે. આ જીલ્લા માટે સરકાર દ્વારા એવિ કોઈ પોલીસી નથી બનાવવામાં આવી કે જેના લીધે કોઈ મોટા ઉદ્યોગો અમરેલીમાં સ્થપાય. આ જીલ્લો કૃષિ આધારિત છે. રાજય સરકાર દ્વાર તેને સિંચાઈ સહીતની એવિ કોઈ વિશેષ સુવિધાઓ આજદિન સુધી આપવામાં આવી નથી. જેનાં લીધે જીલ્લામાં કૃષિ વિકાસનાં પણ નવા દ્વાર ખુલે. આવા અલ્પવિકસિ જીલ્લા તથા શહેરનાં લીધેજ જીલ્લાનાં લોકો માઈગ્રેટ થઈને મોટા શહેરો તરફ દોટ લગાવી રહ્યા છે. પરિણામે અમરેલી શહેર અને ગામડાઓ ભાંગી રહ્યા છે. જેના લીધે જીલ્લાનું મુખ્ય મથક એવું અમરેલી શહેર પણ વિકાસ થી વંચિત રહી જવા પામેલ છે પરંતુ જો અમરેલી શહેરને મહાનગરપાલિકાનો દરજજો આપવામાં આવે તો અમરેલી શહેરનાં વિકાસની શક્યતાઓ ખુબજ ઉજળી છે. રોડ, રસ્તા, વીજળી, પાણી સહિતની લોક સુખાકારીની સગવડતાઓનો વધારો થઈ શકે તેમ છે. તો આ બાબતે અમરેલી શહેરનાં હિતમાં નિર્ણય કરવા અંતમાં માંગ કરેલ છે.

---

**ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમત રંગ લાવી**

## અરે વાહ : સાવરકુંડલાને ૩૫ વર્ષ સુધી રાહ જોયા બાદ વિકાસ નકશાને મળી મંજૂરી

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મંજૂરી આપતા ખુશીનો માહોલ**





સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા શહેરના તમામ નાગરિકોને સ્પર્શતી અને નગરપાલિકા દ્વારા વિકાસના કામો કરવા માટે પાયારૂપ ગણી શકાય તેવી જેને સામાન્ય શબ્દોમાં સાવરકુંડલા શહેરની વિકાસ યોજના અથવા તો વિઝન ૨૦૪૧ કહેવામાં આવે તો જરા પણ અતિશયોકિત ગણાશે નહીં તેવી તેમજ સાવરકુંડલા શહેરના આગામી ૨૫ વર્ષના વિકાસને ધ્યાને રાખી તૈયાર કરવામાં આવેલી સાવરકુંડલા નગરપાલિકાની મુસદ્દા રૂપ દ્વીતીય પુનરાવર્તિત વિકાસ યોજના સાવરકુંડલા – ૨૦૪૧ને સરકારની સક્ષમ ઓથોરીટી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

આ અંગેની હકીકત એવી છે કે સાવરકુંડલા નગરપાલિકા વિકાસ યોજના છેલ્લે સને ૧૯૮૭માં મજૂર કરવામાં આવેલ હતી ત્યારબાદ ૩૫ વર્ષ કરતાં વધારે સમય પસાર થયેલ હોવા છતાં અને નગરપાલિકા દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં આ મુસદ્દા રૂપ પ્રસિદ્ધિ મંજૂરીના વાંકે વર્ષોથી અદ્ધરતલ હતી આ બાબત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને ધ્યાન આવતા તેઓ તથા નગરપાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી અને ટીમ ભાજપ દ્વારા સતત સરકારની સક્ષમ ઓથોરીટી સંપર્કમાં રહી આ દ્વિતીય પુનરાવર્તિત યોજના મજૂર થાય તે માટે અથાગ મહેનત કરેલ તેઓની મહેનત આખરે રંગ લાવી છે અને આટલા વર્ષોની લાંબી પ્રતિક્ષા બાદ સાવરકુંડલા નગરપાલિકા મુસદ્દારૂપ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સાવરકુંડલા ૨૦૪૧ને શહેરી વિકાસ આબે શહેરી ગૃહ નિર્માણ વિભાગ – ગાંધીનગર દ્વારા મંજૂર કરવામાં આવે છે આ તકે સાવરકુંડલા શહેરની સમગ્ર જનતા વતી ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, જાગૃત ધારાસભ્ય મહેશભાઈ કાસવાલા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રીવેદી, નગરપાલિકા તમામ સદસ્ય આ અને ટીમ ભાજપના તમામ સભ્યોનો હદયપૂર્વક આભાર વ્યકત કરેલ છે અને સાવરકુંડલા શહેરના વિકાસ માટે જનતામાં આનંદની લાગણી છવાય ગયેલ છે.

---

## રાજુલા : આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદની બેઠક યોજાઈ



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૨૨

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના અધ્યક્ષ પ્રવીણભાઈ તોગડિયાના નેજા હેઠળ રાજુલા ખાતે હિન્દુ મહાસંમેલન મળ્યું તેમાં રણછોડભાઈ ભરવાડ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ કેન્દ્રીય મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને નિર્મળસિંહ ખુમાણ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર સંગઠન મંત્રી આ સંમેલનમાં હાજરી આપી. આ સંમેલન રાજુલામાં મીરાનગર બાપા સીતારામ મઢુલીમાં આયોજન હતું. તેમાં બધા હિન્દુ સંગઠનો એક મળીને શકય હોય તો રોજ હનુમાન ચાલીસાના પાઠ કરવા અથવા દર શનિવારના રોજ હનુમાન ચાલીસાના પાઠ કરવા હિન્દુ સંગઠિત બની તેઓ બધા કાર્યકર્તાઓને સંબોધન કરેલ. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાજુલાના કાર્યકર્તા મહેશભાઈ હિરાણી, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા ઉપપ્રમુખ અજયસિંહ વાળા, રાજુલા તાલુકા પ્રમુખ ઉમેશભાઈ વરૂ, રાજુલા શહેર પ્રમુખ રવિભાઈ, વડીયા શહેર મંત્રી લાલજીભાઈ પરમાર, રાષ્ટ્રીય બજરંગ દળ પ્રમુખ કુલદીપભાઈ ભાવેશભાઈ જાની, રાષ્ટ્રીય બજરંગ દળ ઉપપ્રમુખ દિનેશભાઈ જેઠવા, ગૌરક્ષક પ્રમુખ શૈલેષભભઈ લાડવા, સહમંત્રી તેમજ રાજુલાના બધા કાર્યકર્તાઓ ઉનાથી આવેલ અંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ ધ્વારા મહાસંમેલન મળ્યું.

---

**સમસ્ત બ્રહ્મસમાજનાં આગેવાનો દ્વારા તડામાર તૈયારીઓ**

## બાબરા ખાતે આગામી મંગળવારે આસ્થા અને ઉત્સાહભેર ભગવાન શ્રી પરશુરામ જયંતીની થશે ઉજવણી

**શોભાયાત્રા, મહાઆરતી, પૂજન, મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૨

બાબરામાં આગામી તા. ૨૯/૪/૨૫ને મંગળવારના રોજ ભૂદેવોના આરાધ્ય અને ભગવાન વિષ્ણુ ના છઠ્ઠા અવતાર શ્રી પરશુરામ ભગવાનના પ્રાગટય મહોત્સવ આવી રહ્યો છે. ત્યારે તેમના જન્મોસત્વને ધામધૂમથી ઉજવણી કરવામાં ભૂદેવોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ભગવાન પરશુરામનું પૂજન, અર્ચન, મહાઆરતી, શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો દરેક તાલુકા મથકે તેમજ જિલ્લા મથકે યોજાશે.

ત્યારે બાબરામાં પણ સમસ્ત બ્રહ્મસમાજના નેજા હેઠળ સમસ્ત યુવા બ્રહ્મસમાજ દ્વારા દર વર્ષે ભગવાન પરશુરામના જન્મોસત્વને ભવ્ય રીતે ઉજવવામાં આવી રહ્યો છે. આ વર્ષ પણ ભગવાનના પ્રાગટય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે તેવા આયોજનના હેતુ સાથે સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણીઓ અને સમાજની એક બેઠક અહીં બ્રહ્મસમાજની વાડી ગાયત્રી મંદિર ખાતે યોજાય હતી. જેમાં બ્રહ્મસમાજના અગ્રણી નરૂભાઈ ત્રિવેદી, કાકુભાઈ ચાવ, અતુલભાઈ ત્રિવેદી, હસુભાઈ જોષી, અરવિંદભાઈ ત્રિવેદી, ડો. પ્રવીણભાઈ ત્રિવેદી, રાજુભાઈ તેરૈયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહી ભગવાનના જન્મોસત્વના વધામણા આખો સમાજ સાથે ભવ્ય અને દિવ્ય રીતે ઉજવીએ અને મોટી સંખ્યામાં સમાજને શોભાયાત્રામાં ઉપસ્થિત રહેવા આહવાન કર્યુ હતું.

બાબરામાં ભગવાન પરશુરામના પ્રાગટય મહોત્સવની તા. ૨૯/૪/૨૫ ને મંગળવારના રોજ સાંજે ૫ કલાકે અહીં ગાયત્રી મંદિર ખાતે ભગવાનનું પૂજન–અર્ચન બ્રહ્મસમાજના અગ્રણી કાકુભાઈ ચાવ, મહેશભાઈ ત્રિવેદી અને હસુભાઈ જોષી દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ મહાઆરતી અને ૬ કલાકે અહીં ગાયત્રી મંદિર બ્રહ્મસમાજની વાડી ખાતેથી ભવ્ય અને વિશાળ ભગવાનની શોભાયાત્રા નીકળશે જેમાં મોટી સંખ્યામાં બાબરા શહેર અને તાલુકાના ભૂદેવો પરિવાર સાથે જોડાશે. ભગવાન પરશુરામની દિવ્ય શોભાયાત્રા વાજતે ગાજતે શહેરની મુખ્ય બજારોમાં, આડી બઝારમાં તેમજ રામજી મંદિર થઈ શિવાજી ચોક અને પોસ્ટ ઓફિસ રોડ થઈ ગાયત્રી મંદિર ખાતે સાંજે ૭:૩૦ કલાકે સમાપન થયા બાદ રાજગોર બ્રહ્મસમાજની વાડી ખાતે મહાપ્રસાદ યોજાશે જેમાં મોટી સંખ્યામાં ભૂદેવો મહાપ્રસાદનો લાભ મેળવી ધન્યતા અનુભવ છે.

ભુદેવોના આરાધ્ય ભગવાન પરશુરામના જન્મોસત્વની ધામધૂમથી ઉજવણી કરવા માટે યુવા બ્રહ્મસમાજના પંકજ ઈન્દ્રોડિયા, મનોજ કનૈયા, જગદીશ ભટ્ટજી, મૌલિક તેરૈયા, વિપુલ ત્રિવેદી, અનિલ તેરૈયા, નવનીત જોશી, લાલા ગોર, જીતુભાઈ ત્રિવેદી, મુકેશભાઈ મહેતા, લાલુ તેરૈયા, સચિન જોષી, હાર્દિક ભટ્ટ, શ્યામ તેરૈયા, વિપુલ તેરૈયા, ઋષિ તેરૈયા, સુનિલ પંડયા, ચેતન જોષી, દેવેન્દ્ર જાની, ગોપાલ ઠાકર, કૌશિક ભરાડ, ભાર્ગવ ત્રિવેદી, જીતુ જોષી, અનિરૂદ્ધ પાઠક, યગ્નેશ શુકલ, ઉદય જાની, મિલન મહેતા સહિતના યુવા મિત્રોએ તડામાર તૈયારીઓ શરૂ કરી છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

**મગડી ગુંદીના લાડુ**

નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો

તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૦૦૯૫૫





### ભાજપના ગઢ ગણાતા વોર્ડ–૨ અને વોર્ડ–૪ માંથી પસંદગી

# અમરેલી શહેરની ભાજપ ટીમમાં કોંગ્રેસ પક્ષમાંથી આવેલ ૨ આગેવાનોનો થયો સમાવેશ

### ''ઘરના છોકરા ઘંટી ચાટે અને બહારને આટો આપવાની'' કહેવત સાર્થક

અમરેલીપ, તા. ૨૨

અમરેલીશહેર ભાજપનાં હોદ્દેદારોની આજે જાહેરાત થઈ છે જેમાં ભાજપના ગઢ સમાન વોર્ડ–૨ અનેવોર્ડ–૪ માંવસવાટ કરતાં કોંગ્રેસ પક્ષમાંથી આવેલ દેવરાજ બાબરીયા અને મૌલિક ઉપાધ્યાયનો સમાવેશ થતાં શહેર ભાજપનાં પાયાનાં પથ્થર સમાન કાર્યકર્તાઓમાં નારાજગીનો માહોલ જોવા મળી રહયો છે.

વિધાનસભા અને લોકસભામાં પણ આયાતી ઉમેદવારો ધારાસભ્ય અને સાંસદ બન્યા છે તો જિલ્લા પંચાયતથી લઈને ગ્રામ પંચાયત સુધી કોંગ્રેસ પક્ષમાંથી આવેલ વ્યકિતઓને ભાજપમાં મહત્વની જવબદારી મળી રહી છે.

ભાજપમાંછેલ્લા ૨ દાયકાથી શરૂ થયેલ ભરતીમેળાનાં કારણે ભાજપનું આજે કોંગ્રેસીકરણ સતત તથુ હોવાથી ભાજપનાંનિષ્ઠાવાનકાર્યકર્તાઓસમસમી ગયા છે. પણ શિસ્ત અને સતાના ડરથી અંદરખાને નિસાસા નાખતા જોવા મળી રહયા હો આગામી દિવસોમાં નવા–જુની થાય તો નવાઈ નહી રહે.

### મહારાષ્ટ્રનું રાજકારણ ફરી એકવાર ગરમાયું

# મહારાષ્ટ્રમાં નવાજૂનીના એંધાણ! ઠાકરે બ્રધર્સ યુરોપ રવાના

### આ બંને નેતાઓ વિદેશમાં સંભવિત મુલાકાત કરશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે

મહારાષ્ટ્ર,તા.૨૨

મહારાષ્ટ્રનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ના પ્રમુખ રાજ ઠાકરે હાલ વિદેશ પ્રવાસે છે. અને સૂચના મળી છે કે, ઉદ્ધવ ઠાકરે પણ યુરોપ જવા રવાના થયા છે. આ બંને નેતાઓ વિદેશમાં સંભવિત મુલાકાત કરશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

રાજ ઠાકરેએ પોતાના પક્ષના નેતાઓ અને કાર્યકરોને સ્પષ્ટ સૂચના આપી છે કે તેઓ ૨૯ એપ્રિલ સુધી કોઈપણ સંવેદનશીલ મુદ્દા પર નિવેદન ન આપે. તેમણે કહ્યું છે કે, "હું પાછો આવીશ ત્યારે હું પોતે બોલીશ." આના પરથી એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે રાજ ઠાકરે કોઈ મોટી રણનીતિની તૈયારી કરી રહ્યા છે.

આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે સૌથી રસપ્રદ વાત એ છે કે રાજ અને ઉદ્ધવ ઠાકરે ફરીથી સાથે આવવાની અટકળો વેગવાન બની છે. તાજેતરમાં, બંને પક્ષો તરફથી ઘણા સકારાત્મક નિવેદનો આવ્યા છે, જોકે રાજ ઠાકરેએ હજુ સુધી આ મામલે કોઈ સ્પષ્ટતા કરી નથી.

દાદરમાં શિવસેના ભવન પાસે એક ખાસ પોસ્ટર જોવા મળ્યું છે. આ પોસ્ટરમાં ઉદ્ધવ અને રાજ ઠાકરે એકબીજાને ભેટતા દર્શાવવામાં આવ્યા છે અને તેના પર લખ્યું છે, 'બટેંગે તો કટેંગે, છોડકર ઠાકરે બંધુ સાથ આયે.' (અલગ થઈશું તો ભાગલા પડશે, બધુ ભૂલી ઠાકરે ભાઈઓ એકજૂટ થાય). આ સંદેશ રાજકારણમાં હલચલ મચાવી રહ્યો છે અને કાર્યકરોમાં આશાનું કિરણ બન્યો છે. વિપક્ષમાં પણ ખળભળાટ વધ્યો છે.બીજી તરફ, તે જ સ્થળે MNS એ બીજું એક વિવાદાસ્પદ પોસ્ટર લગાવ્યું છે, જેમાં લખ્યું છે કે, 'હિન્દી ભાજપ માટે ભક્તિ નથી, તે મજબૂરી છે.' જો અડધો દેશ મહારાષ્ટ્રમાં પોતાનું ગુજરાન ચલાવવા આવી રહ્યો છે, તો મહારાષ્ટ્રે હિન્દી નહીં, પણ મરાઠી શીખવાની જરૂર છે. આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે મનસે હજુ પણ તેની મરાઠી ઓળખની રાજનીતિ પર અડગ છે.જો રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે આ સંભવિત મુલાકાત થાય છે, તો તે મહારાષ્ટ્રના રાજકારણમાં એક નવો વળાંક લાવી શકે છે. દાયકાઓથી અલગ રહેલા ઠાકરે બંધુઓનું પુનઃમિલન વિપક્ષ માટે એક નવો પડકાર પણ બની શકે છે.

### અમેરિકા અને ડ્રેગન વચ્ચે ટ્રેડવોર ચાલી રહ્યો છે

# USA-ચીન ટ્રેડવોરનો ભારતને પ્રથમ મોટો ફાયદો

### ટ્રેડવોર વચ્ચે ચીને અમેરિકન બોઇંગ કંપનીના ૭૩૭ MAX વિમાનનો સ્વીકાર કરવાનો ઇનકાર કરી દીધો છે

વોશિંગ્ટન,તા.૨૨

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ચાલી રહેલા ટ્રેડવૉર વચ્ચે ચીને અમેરિકન બોઈંગ કંપનીના ૭૩૭ MAX વિમાનનો સ્વીકાર કરવાનો ઈનકાર કરી દીધો છે. આ તકનો લાભ ઉઠાવતાં એર ઈન્ડિયા બોઈંગ કંપની પાસેથી આ વિમાનો ખરીદવાનું વિચારી રહી હોવાના અહેવાલો મળ્યા છે. એર ઈન્ડિયા વોશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચે ચાલી રહેલા ટેરિફ યુદ્ધનો લાભ લેવા માટે સ્પર્ધા કરતી એશિયન એરલાઈન્સની યાદીમાં જોડાઈ છે. ટાટા ગ્રૂપની માલિકીની એર ઈન્ડિયાને માર્કેટમાં ફરી પાછી અગ્રણી બનવા તેમજ પકડ જમાવવા માટે વિમાનોની જરૂર છે. વિમાન બનાવતી અમેરિકન કંપની બોઈંગ ચીનની એરલાઈન્સ માટે ૭૩૪ મેક્સ વિમાન તૈયાર કરી રહી હતી. પરંતુ ટેરિફવૉરના કારણે ચીને વિમાનના ઓર્ડર પાછાં ખેંચી લીધા છે. એવામાં એર ઈન્ડિયા આ બોઈંગ વિમાનો ખરીદવાની યોજના બનાવી રહી છે. ભૂતકાળમાં પણ એર ઈન્ડિયાએ ચીનની પીછેહટનો ફાયદો ઉઠાવ્યો હતો. માર્ચમાં તેણે ચીનની એરલાઈન્સ દ્વારા બનાવવામાં આવેલા કુલ ૪૧૭૩૭ મેક્સ જેટનો સ્વીકાર કર્યો હતો, જેનાં ડિલિવરી મોડલ ૨૦૧૯ ગ્રાઉન્ડિંગ બાદ સ્થગિત કરવામાં આવ્યા હતાં.

એર ઈન્ડિયા અને બોઈંગના પ્રતિનિધિઓએ આ મામલે ટીપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. એક મીડિયા રિપોર્ટમાં મલેશિયાના એવિએશન ગ્રૂપ બીએચડી પણ ચીનના આ ખાલી પડેલા ડિલિવરી સ્લોટમાં વિમાન ખરીદવા બોઈંગ સાથે વાતચીત કરી રહ્યું હોવાનું જણાવ્યું હતું.અમેરિકા અને ડ્રેગન વચ્ચે ટ્રેડવૉર ચાલી રહ્યો છે. બંને એક-બીજા પર ટેરિફ વધારી રહ્યા હતાં. છેલ્લે અમેરિકાએ ચીન પર ૨૪૫ ટકા ટેરિફ વધારવાની જાહેરાત કરી હતી. તેની પહેલાં ચીને અમેરિકાની પ્રોડક્ટ્સ પર ૧૨૫ ટકા ટેરઈફ લાદ્યુ હતું. આ ટ્રેડવૉરના કારણે ચીને પોતાના પોર્ટ પર ઘણી પ્રોડક્ટ્સની નિકાસ અટકાવી દીધી છે. તેમજ અમેરિકામાંથી આવતાં ૧૦ વિમાનોની ડિલિવરી પણ રદ કરી હતી.

### એક યુવક તેની પ્રેમિકાને મળવા આવ્યો હતો

# પતિએ દરવાજો ખખડાવતા પત્નીએ પ્રેમીને પેટીમાં છુપાવ્યો

### પતિએ ખૂણામાં પડેલી પેટી બાજું જોતા જ પત્નીનો ભાંડો ભૂટી ગયો હતો

આગ્રા,તા.૨૨

આગ્રાના એક ગામમાં એક યુવક તેની પ્રેમિકાને મળવા આવ્યો હતો. જે બાદે તે પકડાય જતા, તેને પ્રેમીકાના પરિવારના સભ્યો અને ગામલોકોએ ખરાબ રીતે માર માર્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, આગ્રામાં એક પરિણીત મહિલાનો પ્રેમી તેને મળવા માટે ઘરે ગયો હતો. રૂમમાંથી અવાજ આવતાં પરિવારના સભ્યોને શંકા ગઈ હતી. જ્યારે તેઓએ રૂમનો દરવાજો ખખડાવ્યો, ત્યારે મહિલાએ તેના પ્રેમીને એક પેટીમાં છુપાવી દીધો હતો.જ્યારે પરિવારના સભ્યોએ તેને આખા રૂમમાં શોધ્યો, ત્યારે તે ક્યાંય દેખાયો નહીં. પછી મહિલાના પતિએ પતરાની પેટી તરફ જોયું અને જ્યારે તેણે તેને ખોલી ત્યારે બધા ચોંકી રહી ગયા હતા. સ્ત્રીનો પ્રેમી કપડાં વગર, પેટીની અંદર છુપાયેલો ઝડપાયો હતો. તેને જોતાં જ પરિવારના સભ્યો ગુસ્સે થઈ ગયા અને તેને લાકડીઓથી માર માર્યો હતો. એટલું જ નહીં, તેઓએ તેને કપડાં પહેરાવીને ઘરની બહાર લઈ ગયા, જ્યાં ગામલોકોએ તેને માર પણ માર્યો હતો. આ પછી, પોલીસને બોલાવવામાં આવી અને આરોપીને તેમના હવાલે કરવામાં આવ્યો હતો.ફતેહાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં રહેતી એક મહિલાના પરિવારના સભ્યો રવિવારે રાત્રે ઘરની છત પર સૂઈ રહ્યા હતા. આ મિયાન, રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે, મહિલાએ બાજુના ગામમાં રહેતા તેના પ્રેમીને ફોન કર્યો અને બંનેએ પોતાને રૂમમાં અંદર પૂરાઈ ગયા હતા. આ દરમિયાન, જ્યારે મહિલાનો પતિ કોઈ કામ માટે છત પરથી નીચે આવ્યો, ત્યારે તેણે રૂમમાંથી એક પુરુષનો અવાજ સાંભળ્યો હતો. જે બાદ તેણે ઘરના અન્ય સભ્યોને બોલાવ્યા હતા. પછી તેણે તેની પત્નીના રૂમનો દરવાજો ખખડાવતા, મહિલાએ તેના પ્રેમીને રૂમમાં રાખેલી એક પેટીમાં છુપાવી દીધો હતો. તેના પ્રેમીને પેટીમાં છુપાવ્યા પછી, મહિલાએ દરવાજો ખોલ્યો હતો. પતિએ પૂછ્યું કે, અંદર કોણ બોલી રહ્યું છે. આ સાંભળીને તેની પત્ની ચિંતિત થઈ ગઈ હતી. ઘરના લોકોએ તેને પલંગ નીચે શોધ્યો, પણ તે દેખાયો નહીં. આ દરમિયાન તેની નજર ખૂણામાં પડેલી પેટી પર પડી હતી. તેણે જોયું કે, પેટીની સ્ટોપર અંદરની બાજુ ખુલી હતી. જ્યારે પતિએ પેટી ખોલી, ત્યારે પ્રેમી અંદર કપડાં વગર બેઠો હતો. તેને જોતાંની સાથે જ પરિવારના સભ્યોએ તેને ખૂબ માર માર્યો હતો. પ્રેમીએ પણ હાથ જોડીને માફી માંગી હતી. પછી મહિલાના પરિવારના સભ્યોએ તેને કપડાં પહેરાવ્યા અને બહાર લઈ ગયા હતા. જ્યારે ગામલોકોને સત્ય ખબર પડી, ત્યારે તેઓએ મહિલાના પ્રેમીને પણ લાતો, મુક્કા અને લાકડીઓથી માર માર્યો હતો. પછી પોલીસ બોલાવવામાં આવી અને તેને તેના હવાલે કરવામાં આવ્યો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન યુવકે જણાવ્યું કે, તે બહા તહસીલનો રહેવાસી છે. તે એક વર્ષથી તે મહિલા સાથે પ્રેમ સંબંધમાં હતો. તે ઘણીવાર તે સ્ત્રીને તેના પતિની ગેરહાજરીમાં મળવા જતો હતો. આ કેસમાં ફતેહાબાદના ઈન્સ્પેક્ટર ડીપી તિવારીએ જણાવ્યું કે, ગ્રામજનોએ યુવકને પોલીસને સોંપી દીધો છે. ફરિયાદ પત્ર મળ્યા બાદ કેસ દાખલ કરીને કાર્યવાહી કરવામાં આવશે.

### રાહુલ ગાંધીના આરોપનો ચૂંટણી પંચે આપ્યો જવાબ

# ૬૫ લાખ જ નહીં, બે કલાકમાં ૧૧૬ લાખ મત પડી શકે : ચૂંટણી પંચ

### મતદાન કરવા અને મતગણતરી સહિતની દરેક ચૂંટણી પ્રક્રિયામાં સામેલ હોય છે કમિશનને બદનામ કરવાનો પ્રયાસ સંપૂર્ણપણે વાહિયાત છે

નવી દિલ્હી,તા.૨૨

કમિશને જણાવ્યું હતું કે, 'ભારતમાં જે પ્રમાણમાં અને ચોકસાઈથી ચૂંટણીઓ યોજવામાં આવે છે તેની વિશ્વભરમાં પ્રશંસા થાય છે. આખો દેશ જાણે છે કે સરકારી કર્મચારીઓ મતદાર યાદી તૈયાર કરવા, મતદાન કરવા અને મતગણતરી સહિતની દરેક ચૂંટણી પ્રક્રિયામાં સામેલ હોય છે. કમિશનને બદનામ કરવાનો પ્રયાસ સંપૂર્ણપણે વાહિયાત છે.'કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ અગાઉ મહારાષ્ટ્ર ચૂંટણીમાં છેતરપિંડીથી મતદારો ઉમેરવાનો આરોપ લગાવ્યો હતો. આ મામલે તેમણે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં પાંચ વર્ષમાં ૩૨ લાખ મતદારો ઉમેરવામાં આવ્યા હતા, જ્યારે પાંચ મહિના પછી, વિધાનસભા ચૂંટણી માટે ૩૯ લાખ મતદારો ઉમેરવામાં આવ્યા હતા.

આ વર્ષે ફેબ્રુઆરીમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે મહારાષ્ટ્ર ચૂંટણીમાં ગોટાળા થયા છે. ભાજપ જીતી શકે તે માટે મતદાર યાદીમાં નવા મતદારો ઉમેરવામાં આવ્યા. રાહુલે ચૂંટણી પંચ પાસેથી મતદારોનો ડેટા માંગ્યો હતો.

કોંગ્રેસના સાંસદે કહ્યું હતું કે, 'અમે ચૂંટણી પંચને આની તપાસ કરવા કહ્યું છે. અમે મતદાર યાદી, નામ અને સરનામા માંગ્યા છે. અમે ઈચ્છીએ છીએ કે તેમના ફોટોગ્રાફ્સ પણ આપવામાં આવે. અમને લોકસભા અને વિધાનસભાની મતદાર યાદી જોઈએ છે. ઘણા મતદારોના નામ પણ કાઢી નાખવામાં આવ્યા છે. આ દલિત, લઘુમતી મતો છે. હું કોઈ આરોપ નથી લગાવી રહ્યો, પણ કંઈક ગોટાળો છે.'

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, 'કોઈપણ વ્યક્તિ દ્વારા ખોટી માહિતી ફેલાવવી એ ફક્ત કાયદાના અનાદરની નિશાની નથી. તે તેમના રાજકીય પક્ષમાંથી નિયુક્ત થયેલા હજારો પ્રતિનિધિઓને પણ બદનામ કરે છે. આવા નિવેદનો ચૂંટણી દરમિયાન અથાક અને પારદર્શક રીતે કામ કરતા લાખો ચૂંટણી કર્મચારીઓના મનોબળને નિરાશ કરે છે. મતદારો દ્વારા કોઈપણ પ્રતિકૂળ ચુકાદા પછી ચૂંટણી પંચ સાથે ચેડા થયાનું કહીને તેને બદનામ કરવાનો કોઈપણ પ્રયાસ સંપૂર્ણપણે વાહિયાત છે.'

ચૂંટણી પંચે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, 'ભારતમાં મતદાર યાદી જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ અને મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ મુજબ તૈયાર કરવામાં આવે છે. કાયદા અનુસાર, મતદાન યાદીઓ ચૂંટણી પહેલા અથવા દર વર્ષે એક વાર સુધારવામાં આવે છે. મતદાર યાદીની અંતિમ નકલ તમામ રાષ્ટ્રીય/રાજ્ય રાજકીય પક્ષો (ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સહિત) ને સુપરત કરવામાં આવે છે.'પંચે કહ્યું, 'દેશમાં બધી ચૂંટણીઓ કાયદા મુજબ જ થાય છે. ભારતમાં જે પ્રમાણમાં અને ચોકસાઈથી ચૂંટણીઓ યોજવામાં આવે છે તેની સમગ્ર વિશ્વમાં પ્રશંસા થાય છે. આખો દેશ જાણે છે કે મતદાર યાદી તૈયાર કરવા, મતદાન કરવા અને મત ગણતરી સહિતની દરેક ચૂંટણી પ્રક્રિયા સરકારી કર્મચારીઓ દ્વારા જ ગોઠવવામાં આવે છે. આ રાજકીય પક્ષો કે ઉમેદવારો દ્વારા નિયુક્ત અધિકૃત પ્રતિનિધિઓની હાજરીમાં થાય છે અને મતદાન મથકથી લઈને મતવિસ્તાર સ્તર સુધી તેનું પાલન કરવામાં આવે છે.

### સુપ્રીમ કોર્ટ એક્શનમાં

# CJI પર વિવાદાસ્પદ નિવેદન આપ્યા બાદ નિશિકાંત દુબે ફસાયા

### વકીલોએ નિશિકાંત દુબે સામે અવમાનનાનો કેસ દાખલ કરવા માટે એટર્ની જનરલ પાસેથી સંમતિ માંગી છે

નવીદિલ્હી,તા.૨૨

સુપ્રીમ કોર્ટ અને સીજેઆઈ સંજીવ ખન્ના પર વિવાદાસ્પદ નિવેદનો આપ્યા બાદ મુશ્કેલીમાં મુકાયેલા ભાજપના સાંસદ નિશિકાંત દુબેની મુશ્કેલીઓ વધી ગઈ છે. સુપ્રીમ કોર્ટે આ મામલે કાર્યવાહી કરી છે અને તેને આગામી અઠવાડિયે લિસ્ટ કર્યા છે. વકીલોએ નિશિકાંત દુબે સામે અવમાનનાનો કેસ દાખલ કરવા માટે એટર્ની જનરલ પાસેથી સંમતિ માંગી છે. સુપ્રીમ કોર્ટમાં નિશિકાંત દુબેના નિવેદનોનો ઉલ્લેખ કરતા વકીલે કહ્યું કે, 'સરકાર આ મામલે કંઈ કરી રહી નથી.' જ્યારે એટર્ની જનરલ અને સોલિસિટર જનરલને પણ પત્ર લખવામાં આવ્યો છે. આના પર જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ એ.જી. મસીહની બેન્ચે કેસને આગામી અઠવાડિયા માટે લિસ્ટ કર્યો. અહેવાલો અનુસાર, ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું છે કે, 'ભારતમાં ગૃહયુદ્ધ માટે સીજેઆઈ ખન્ના જવાબદાર છે.' ત્યારબાદ આના પર વકીલે કહ્યું કે, 'મેં ફાઈલ કરી દીધી છે, હું ડાયરી નંબર આપી શકું છું.

વકીલે પછી કહ્યું કે ભાષણ વાઈરલ થયા પછી, સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર ઘણાં વિવાદાસ્પદ નિવેદનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.'

વકીલે સુપ્રીમ કોર્ટને વધુમાં કહ્યું, 'સોશિયલ મીડિયાને વીડિયો દૂર કરવાનો નિર્દેશ આપો. આ કોર્ટને નુકસાન પહોંચાડી રહ્યું છે. સરકાર કાર્યવાહી કરી રહી નથી. આ જૂના સમયના કેસોથી અલગ છે. આ વીડિયો દેશભરમાં વાઈરલ થઈ રહ્યા છે. આના પર ન્યાયાધીશે તેને આગામી અઠવાડિયા માટે રાખવા કહ્યું છે.'

સુપ્રીમ કોર્ટે સોમવારે નિશિકાંત દુબેના CJI વિરુદ્ધના નિવેદન અંગે જાણ કર્યા બાદ સુપ્રીમ કોર્ટની ગરિમા અને પ્રતિષ્ઠા જાળવવાની અપીલ કરી હતી. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એન. કોટિશ્વર સિંહની બેન્ચે આ ટિપ્પણી ત્યારે કરી જ્યારે અરજદાર અને એડવોકેટ વિશાલ તિવારીએ વક્ફ કાયદામાં સુધારા પછી પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં હિંસા દરમિયાન નફરતભર્યા ભાષણો અંગે દાખલ કરેલી પીઆઈએલ પાછી ખેંચવાની પરવાનગી માંગી.

### વક્ફ સંપત્તિઓનો મુદ્દો ચર્ચામાં છે

# ગુજરાતમાં વક્ફ સંપત્તિઓની આવક ૨૦ કરોડથી ઘટીને ઝીરો થઈ!

### ગુજરાતની વક્ફ સંપિઓમાંથી થયેલી આવક ૧૯.૭૮ કરોડ રૂપિયા હતી પણ સરકારી ડેટા પ્રમાણે છેલ્લાં ૩ નાણાંકીય વર્ષમાં આ આવક શૂન્ય થઈ ગઈ છે

નવીદિલ્હી,તા.૨૨

કેન્દ્ર સરકારે વક્ફ એક્ટમાં કરેલા સુધારાના કારણે વક્ફ સંપત્તિઓનો મુદ્દો ચર્ચામાં છે. ત્યારે એક રસપ્રદ વાત એ છે કે, ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં વક્ફ સંપત્તિઓમાંથી કોઈ આવક જ નથી થતી. ૬ વર્ષ પહેલાં જ ગુજરાતની વક્ફ સંપિઓમાંથી થયેલી આવક ૧૯.૭૮ કરોડ રૂપિયા હતી પણ સરકારી ડેટા પ્રમાણે છેલ્લાં ૩ નાણાંકીય વર્ષમાં આ આવક શૂન્ય થઈ ગઈ છે.

વક્ફ એસેટ્સ મેનેજમેન્ટ સિસ્ટમ ઓફ ઈન્ડિયા વેબસાઈટના ડેટા પ્રમાણે, ગુજરાતમાં કુલ ૪૫,૩૫૮ વક્ફ સંપત્તિ છે. આ પૈકી ૩૯૯૪૦ અચલ સંપિ એટલે કે ઈમ્મૂવેવલ પ્રોપર્ટી છે, જ્યારે ૫,૪૮૦ ચલ એટલે કે મૂવેબલ સંપિ છે. વેબસાઈટ પર અપાયેલી માહિતી પ્રમાણે, છેલ્લાં ૧૫ નાણાંકીય વર્ષમાં એટલે કે ૨૦૧૦-૧૧થી ૨૦૨૪-૨૫ દરમિયાન ગુજરાતમાં વક્ફ સંપિઓની સંખ્યામાં કોઈ ફેરફાર થયો નથી. પરંતુ વક્ફ સંપિઓમાંથી થતી આવકમાં બહુ મોટો ફેરફાર થયો છે. ૧૦ વર્ષ પહેલાં ગુજરાતમાં વક્ફ સંપત્તિઓમાંથી ૭,૬૬,૩૮,૧૭૨ રૂપિયાની આવક થતી હતી અને ૨૦૧૮-૧૯માં તો આ આવક વધીને ૧૯.૭૮ કરોડ રૂપિયા પર પહોંચી હતી. છેલ્લાં ત્રણ વર્ષમાં આ આવક ઘટીને ઝીરો પર આવી ગઈ છે.

આ વેબસાઈટ ભારત સરકારના લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા સંચાલિત છે અને તેમાં દેશનાં દરેક રાજયમાં વક્ફ સંપિઓને લગતી તમામ વિગતો ઉપલબ્ધ છે. દરેક રાજ્યના ક્યા તાલુકામાં કેટલી વક્ફ સંપિઓ છે અને ક્યા પ્રકારની સંપિઓ છે તેની વિગતો આ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ આધારભૂત સાાવાર ડેટા છે તેથી તેની વિગતો વિશે કોઈ શંકા કરી શકાય તેમ નથી. વર્ષ ૨૦૧૯-૨૦માં વક્ફ સંપત્તિઓમાંથી કુલ ૪,૯૪,૫૪,૩૧૧ રૂપિયા એટલે કે લગભગ ૪.૯૪ કરોડની આવક થઈ હતી. ૨૦૨૦-૨૧માં આવક ઘટીને ૪,૫૩,૧૧,૪૬૩ રૂપિયા થઈ. ૨૦૨૧-૨૨માં આવક ઘટીને ૩૬,૧૩૦,૨૧૨ રૂપિયા થઈ. કોરોનાના કારણે આવકમાં ઘટાડો થયાનું મનાય છે, પરંતુ આશ્ચર્યજનક વાત હવે આવે છે. વક્ફ એસેટ્સ મેનેજમેન્ટ સિસ્ટમ ઓફ ઈન્ડિયા વેબસાઈટના ડેટા પ્રમાણે, છેલ્લાં ત્રણ નાણાંકીય વર્ષથી ગુજરાતમાં વક્ફ સંપત્તિઓમાંથી થતી નેટ ઈંક્રમ ડીકલેર્ડ એટલે કે જાહેર કરાયેલી ચોખ્ખી આવક ઝીરો છે.

ગુજરાતમાં વક્ફ બોર્ડ અસ્તિત્વમાં છે પણ તેની વેબસાઈટ પર કોઈ માહિતી જ નથી. ગુગલ પર સર્ચ કરો તો ગુજરાત સ્ટેટ વક્ફ બોર્ડની સત્તાવાર વેબસાઈટ હોવાનું દેખાય છે. તેના પર ક્લિક કરો એટલે ગુજરાત સ્ટેટ વક્ફ બોર્ડની વેબસાઈટ ખૂલે છે ખરી પણ હોમ પેજ પર ગુજરાતમાં વક્ફ બોર્ડના ટૂંકા ઈતિહાસ સિવાય બીજી કોઈ વિગત નથી મળતી. હોમ પેજ પર બીજાં સેક્શન પર ક્લિક કરો તો ગુજરાત સરકારના કાયદા વિભાગની વિગતો આવે છે. વક્ફ બોર્ડની ઓફિસ ક્યાં છે, કોણ કોણ હોદ્દેદારો છે, ફોન નંબર કે ઈમેલ આઈડી શું એવી પ્રાથમિક માહિતી પણ વેબસાઈટ પર નથી. ડિજિટલ ઈન્ડિયાની વાતો વચ્ચે સરકારી વિભાગની આ હાલત દયનિય કહેવાય.

# નરોડા અને બાપુનગર સ્થિત ESIC હોસ્પિટલને મેડિકલ કોલેજની મંજૂરી

### ૨૦૨૪-૨૫માં ૧૦ ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજની મંજૂરી આપવા માટે પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો

અમદાવાદ,તા.૨૨

દેશમાં શ્રમ મંત્રાલય દ્વારા દેશની ૧૦ ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજ તરીકે મંજૂરી આપવામાં આવી છે.

જેમાં ગુજરાતમાંથી અમદાવાદના નરોડા અને બાપુનગર સ્થિત ESIC હોસ્પિટલને મેડિકલ કોલેજ તરીકે મંજૂરી આપવામાં આવી છે. ૨૦૨૪-૨૫માં ૧૦ ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજની મંજૂરી આપવા માટે પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. ૨૦૦ કે તેથી વધુ બેડની ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજમાં રૂપાંતરિત કરવાની જોગવાઈ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે દેશના શ્રમ મંત્રાલય દ્વારા દેશની ૧૦ ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજ તરીકે મંજૂરી આપવામાં આવી છે. ૨૦૨૪-૨૫ માટે ૧૦ ESIC હોસ્પિટલોને મેડિકલ કોલેજ તરીકે મંજૂરી આપવા માટે પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ મુજબ જે ૧૦ હોસ્પિટલોને મંજૂરી આપવામાં આવી છે તેમાં ગુજરાતમાં અમદાવાદના નરોડા અને બાપુનગર સ્થિત હોસ્પિટલને મેડિકલ કોલેજમાં રૂપાંતરિત કરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

આ ઉપરાંત ૨૦૨૫-૨૬ માટે પણ ૧૦ ESIC હોસ્પિટલોના નામ મેડિકલ કોલેજની મંજૂરી માટે મોકલવામાં આવ્યા હતાં.

આ હોસ્પિટલોને મેડિકલ કોલેજમાં રૂપાંતરિત કરવા માટે પ્રસ્તાવ રજૂ કરાયો હતો. જેમા સુરતની ESIC હોસ્પિટલનું નામ પણ મેડિકલ કોલેજ તરીકે મંજૂરી આપવા માટે મુકવામાં આવ્યું હતું.

# UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૪નું અંતિમ પરિણામ જાહેર

નવી દિલ્હી,તા.૨૨

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ મંગળવાર, ૨૨ એપ્રિલના રોજ સિવિલ સર્વિસીસ પરીક્ષા (CSE) ૨૦૨૪નું અંતિમ પરિણામ જાહેર કર્યું છે. આ વખતે પરીક્ષામાં શક્તિ દુબેએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. હર્ષિતા ગોયલે બીજું સ્થાન મેળવ્યું અને ડોંગરે અર્ચિત પરાગે ત્રીજું સ્થાન મેળવ્યું છે.

સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૪ માટે ઈન્ટરવ્યુ રાઉન્ડ ૭ જાન્યુઆરીથી શરૂ થયો હતો અને ૧૭ એપ્રિલના રોજ સમાપ્ત થયો હતો.

કુલ ૧૦૦૯ ઉમેદવારોની થઈ પસંદગીઃ આ વખતે UPSC એ IAS, IFS, IPS, ગ્રુપ છ અને B સેવાઓમાં નિમણૂક માટે ૧૦૦૯ ઉમેદવારોની ભલામણ કરી છે. જેમાંથી મહત્તમ ઉમેદવારો સામાન્ય શ્રેણીમાંથી પસંદ કરવામાં આવ્યા છે.

General શ્રેણીમાંથી ૩૩૫ ઉમેદવારોની પસંદગી થઈ,OBC શ્રેણીમાંથી ૩૧૮ ઉમેદવારોની પસંદગી થઈ, EWS શ્રેણીમાંથી ૧૦૯ ઉમેદવારોની પસંદગી થઈ

SC શ્રેણીમાંથી ૧૬૦ ઉમેદવારોની પસંદગી થઈ

ST શ્રેણીમાંથી ૮૭ ઉમેદવારોની પસંદગી થઈ, આ વર્ષના UPSCના ૧૦ ટોપર્સની યાદીઃ શક્તિ દુબે

હર્ષિતા ગોયલ

ડોંગરે અર્ચિત પરાગ

શાહ માર્ગી ચિરાગ

આકાશ ગર્ગ

કોમલ પુનિયા

આયુષી બંસલ

રાજ કૃષ્ણ ઝા

આદિત્ય વિક્રમ અગ્રવાલ

મયંક ત્રિપાઠી

### રોહિતે આઈપીએલમાં ફોર્મ પરત મેળવ્યું

# પોતાની ક્ષમતા પર શંકા કરવી આસાન છે પણ હું કરતો નથી : રોહિત

**પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયેલા રોહિત શર્માએ તેની ૪૫ બોલની ઈનિંગ્સમાં છ સિક્સર ઉપરાંત ચાર ચોગ્ગા પણ ફટકાર્યા હતા**

અમદાવાદ, તા.૨૨

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા પાસેથી આક્રમક બેટિંગની અપેક્ષા રખાતી હોય છે પરંતુ આઈપીએલની વર્તમાન સિઝનમાં તે હજી સુધી ખાસ નોંધપાત્ર પ્રદર્શન કરી શક્યો ન હતો ત્યારે તેણે રવિવારે રમાયેલી ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં શાનદાર અણનમ ૭૬ રન ફટકારીને મુંબઈ ઈન્ડિયન્સના વિજયમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આમ તેણે આ મેચ દ્વારા પોતાનું ફોર્મ પરત મેળવીને પોતાની ક્ષમતા પણ પુરવાર કરી દીધી હતી.પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયેલા રોહિત શર્માએ તેની ૪૫ બોલની ઈનિંગ્સમાં છ સિક્સર ઉપરાંત ચાર ચોગ્ગા પણ ફટકાર્યા હતા. જેને કારણે મુંબઈ ઈન્ડિયન્સે નવ વિકેટે મેચ જીતી હતી. વર્તમાન સિઝનમાં રોહિત શર્માની આ પ્રથમ અડધી સદી હતી. અગાઉ તેનો સ્કોર ઉત્તરોત્તર વધતો હતો જેમાં ૦,૮,૧૩,૧૭,૧૮, અને ૨૬ રનના સ્કોરનો સમાવેશ થતો હતો.મેચ બાદ રોહિત શર્માએ જણાવ્યું હતું કે લાંબા સમયથી રમતા રહેવાને કારણે તમારી જાત પર કે ક્ષમતા પર શંકા કરવી આસાન છે અને તમે અખતરા કરતા થઈ જાઓ છો પરંતુ મેં તેમ કર્યુ ન હતું. મારા માટે સારી રીતે પ્રેક્ટિસ કરવી મહત્વની હતી. મારા માટે સારી રીતે બોલને હિટ કરવો જરૂરી હતું. જ્યારે તમે તમારા દિમાગથી સ્પષ્ટ હશો ત્યારે આ પ્રકારની બેટિંગ કરી શકશો.તેણે ઉમેર્યુ હતું કે જ્યારે ખેલાડી પોતાની ક્ષમતા પર શંકા કરવાની શરૂ કરી દે ત્યારે દબાણ તો ચોક્કસ વધવાનું જ છે. થોડા સમયથી મોટી ઈનિંગ્સ આવતી ન હતી પરંતુ તે માટે તમે તમારી જાત પર કે ક્ષમતા પર શંકા કરતા થઈ જશો તો તમારી જાત પર દબાણ આવી જશે. તમારી રમતને બેલેન્સ કરવી તે જ મહત્વની બાબત છે. આજે મેં મારી રમતની સ્ટાઈલને બેલેન્સ કરી હતી અને તેને પરિણામે સ્કોર થઈ શક્યો હતો.મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રોહિત શર્મા ઘણી મેચો રમ્યો છે અને તેની કારકિર્દીનું મોટા ભાગનું ક્રિકેટ અહીં રમાયું છે ત્યારે આ ઐતિહાસિક સ્ટેડિયમના એક સ્ટેન્ડને રોહિત શર્માનું નામ આપવામાં આવ્યું છે. આ અંગે રોહિતે જણાવ્યું હતું કે મારા માટે આ સૌથી મોટો સત્કાર છે. આ ઘણી મોટી બાબત છે. હું અહીં બાળક તરીકે મેચ નિહાળવા આવતો હતો. એક તબક્કે તો અમને અહીં રમવાની પણ મંજૂરી ન હતી. ત્યાર બાદ ડોમેસ્ટિક ક્રિકેટમાં અહીં રમ્યો. અને, અહીં રમીને જ હું ઉછર્યો છું. હવે આ સ્ટેડિયમમાં મારા નામનું સ્ટેન્ડ છે તે મહાન બાબત છે અને મારા માટે ગૌરવપૂર્ણ બાબત છે.ચેન્નાઈ સામેની મેચ અંગે મુંબઈ ઈન્ડિયન્સના ઓપનરે જણાવ્યું હતું કે ફોર્મ પરત આવ્યું તેનો આનંદ તો હોય જ પરંતુ મારા માટે સૌથી સંતોષજનક બાબત એ રહેશે કે મારી બેટિંગ થકી મેં ટીમને છેક સુધી લઈ જઈને સફળતા અપાવી હતી. સાથી બેટર સૂર્યકુમાર યાદવે પણ ખૂબ સહયોગ આપ્યો હતો.

### ભાજપ સરકાર ઈડીનો દુરુપયોગ કરી રહી છેઃ કુમારી શૈલજા

# EDની કાર્યવાહી સામે કોંગ્રેસનું ૨૫મીથી દેશમાં વિરોધ પ્રદર્શન

**તાજેતરમાં નેશનલ હેરાલ્ડ મામલામાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૨૨

કોંગ્રેસ મહામંત્રી અને લોકસભા સાંસદ કુમારી શૈલજાએ સોમવારે નેશનલ હેરાલ્ડ મામલામાં સરકારની કાર્યવાહીને દેશના ગંભીર મુદ્દાઓથી લોકોનું ધ્યાન ભટકાવવા માટેનું ષડયંત્ર ગણાવ્યું છે. આ સાથે કુમારી શૈલજાએ કહ્યું કે, સરકારની આ કાર્યવાહીની સામે કોંગ્રેસ પાર્ટી ૨૫મી એપ્રિલે દેશભરમાં રેલીઓ યોજીને વિરોધ પ્રદર્શન કરશે.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં નેશનલ હેરાલ્ડ મામલામાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે, જેમાં તેમના પર રૂપિયા ૯૮૮ કરોડની હેરાફેરી કરવાના આક્ષેપ લગાવવામાં આવ્યા છે. કોંગ્રેસ સાંસદ કુમારી શૈલજાએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે આ ભાજપનું ષડયંત્ર છે. આ રાજકીય બદલો છે. ગત વર્ષથી ચાલી રહેલા અમારા 'બંધારણ બચાવો' અભિયાન અંતર્ગત અમે ૨૫થી ૩૦ એપ્રિલ સુધી દેશભરમાં રેલીઓ યોજી રહ્યા છીએ. આ રેલીઓ ૩થી ૧૦ મેની વચ્ચે જિલ્લા સ્તર પર અને ૧૧થી ૧૭ મેની વચ્ચે વિધાનસભા ક્ષેત્ર સ્તર પર આયોજિત કરાશે. કોંગ્રેસના વરિષ્ઠ દલિત નેતાઓ પૈકીના એક શૈલજાએ કહ્યું કે, આ અભિયાન અંતર્ગત અમે ૨૦થી ૩૦ મે સુધી ઘરે-ઘરે જઈને જનસંપર્ક કાર્યક્રમ કરીશુ, જેથી ભાજપના કુપ્રચાર અભિયાનની પોલ ખોલી શકાય.ભાજપનો ઉદ્દેશ્ય બેરોજગારી, ઘટી રહેલો જીડીપી અને સામાજિક અશાંતિ જેવા વાસ્તવિક મુદ્દાઓથી લોકોનું ધ્યાન ભટકાવવાનો છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, નેશનલ હેરાલ્ડ મામલામાં મની લોન્ડ્રિંગનો કોઈ એંગલ નથી અને આ મામલો કોર્ટ ટકી શકશે નહીં. ઈડીની ટીકા કરીને કુમાર શૈલજાએ વળતો પ્રશ્ન કર્યો કે તપાસ એજન્સીએ હમણાં સુધી એનડીએના કોઈ સહયોગી કે ભાજપના નેતાઓને ત્યાં તપાસ કેમ કરી નથી? ભાજપ સરકારે ઈડીને પોતાનો ચૂંટણી વિભાગ બનાવી દીધો છે અને બદલો લેવા માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. ઈડીના મામલામાં દોષસિદ્ધિનો દર ૧ ટકો જ છે. આ સિવાય, રાજકીય મામલાઓમાં ઈડીએ ૯૮ ટકા કેસ રાજકીય હરિફોની સામે કર્યા છે.

### ઇસરો અને PRL જેવી અગ્રણી સ્પેસ રિસર્ચ ઓર્ગનિઝાશન્સનું ઘર છે

# ગુજરાતે સેટેલાઇટ લોન્ચપેડ માટે કચ્છ અને ધોલેરાની પસંદગી કરી

**ભવિષ્યમાં કોમ્યુનિકેશન અને પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો, અવકાશ પ્રવાસન વગેરે સહિતની અવકાશ સંશોધન પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય**

અમદાવાદ,તા.૨૨

રાજ્ય સરકારના મુખ્ય સૂત્રોએ જણાવ્યું હતું કે, ''સરકારનો ઉદ્દેશ્ય રાજ્યમાં યોગ્ય સ્થાન પર એક લોન્ચપેડ સ્થાપિત કરવાની સુવિધા આપવાનો છે જેથી ભવિષ્યમાં કોમ્યુનિકેશન અને પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો, અવકાશ પ્રવાસન વગેરે સહિતની અવકાશ સંશોધન પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય.ગુજરાત, જે ઈસરો અને PRL જેવી અગ્રણી સ્પેસ રિસર્ચ ઓર્ગનિઝાશન્સનું ઘર છે, તે ગયા અઠવાડિયે જાહેર કરાયેલ સ્પેસટેક નીતિમાં જણાવ્યા મુજબ, ભવિષ્યના અવકાશ પ્રક્ષેપણ પ્રવૃત્તિઓ માટે સ્પ્રિંગબોર્ડ તરીકે કાર્ય કરવા માટે એક લોન્ચપેડ સ્થાપિત કરવા માંગે છે.રાજ્ય સરકારના ટોચના અધિકારીઓએ જણાવ્યું હતું કે કચ્છ અને ધોલેરાને લોન્ચપેડ માટે યોગ્ય સ્થળો તરીકે ઓળખવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના મુખ્ય સૂત્રોએ જણાવ્યું હતું કે, ''સરકારનો ઉદ્દેશ્ય રાજ્યમાં યોગ્ય સ્થાન પર એક લોન્ચપેડ સ્થાપિત કરવાની સુવિધા આપવાનો છે જેથી ભવિષ્યમાં કોમ્યુનિકેશન અને પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો,સ્પેસ ટુરિઝમ વગેરે સહિતની અવકાશ સંશોધન પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય.

વિવિધ સ્થળોના પ્રારંભિક મૂલ્યાંકન મુજબ, કચ્છ અને ધોલેરા લોન્ચપેડ સુવિધા માટે યોગ્ય સ્થાનો છે.''સૂત્રોએ અનુસાર સેટેલાઈટ લોન્ચપેડ એક અત્યંત વિશિષ્ટ ક્ષેત્ર છે અને તેમની કામગીરી કડક નિયમો દ્વારા સંચાલિત હોવાથી, રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર, ઈસરો અને અન્ય સંબંધિત રાષ્ટ્રીય સ્તરની એજન્સીઓના સીધા માર્ગદર્શન હેઠળ તમામ કામગીરી હાથ ધરશે.

ગુજરાતમાં સેટેલાઈટ લોન્ચપેડ રાખવાની સુવિધા મહત્વ મેળવે છે કારણ કે ઈન-સ્પેસી પણ અમદાવાદમાં સ્થિત છે. ઈન-સ્પેસી એ ભારત સરકારના અવકાશ વિભાગ હેઠળની એક સિંગલ-વિન્ડો સ્વાયત્ત એજન્સી છે.તે ખાનગી સંસ્થાઓને અવકાશ માળખા, લોન્ચ વાહનો અને અન્ય સંસાધનોને ઍક્સેસ કરવા માટે તેમજ તેમની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને અધિકૃત કરીને એક માળખું પૂરું પાડીને ભારતીય અવકાશ ક્ષેત્રમાં ખાનગી ખેલાડીઓની ભાગીદારીને સરળ બનાવે છે.''ઈન-સ્પેસીએ લોન્ચપેડ પ્રોજેક્ટમાં રસ દર્શાવ્યો છે. અમે ક્ષેત્રમાં ઝડપી ગતિએ થઈ રહેલા વિકાસને ધ્યાનમાં રાખીને લોન્ચપેડ માટે અમારી નવી નીતિમાં જોગવાઈ કરી છે. રાજ્ય સરકાર લોન્ચપેડ વિકસાવવા માટે તમામ પ્રકારની સહાય પૂરી પાડવા આતુર છે કારણ કે તે ગુજરાતમાં અવકાશ-સંબંધિત ઉદ્યોગોને વધુ વેગ આપશે,'' સૂત્રોએ જણાવ્યું હતું.''નીતિમાં સેટેલાઈટ પેલોડ્સ અને ભાગોના ઉત્પાદનથી લઈને સંદેશાવ્યવહાર અને પ્રોપલ્શન સિસ્ટમ્સ, ગ્રાઉન્ડ સ્ટેશન્સ, સેટેલાઈટ કંટ્રોલ સેન્ટર્સ અને સ્પેસ-આધારિત એપ્લિકેશન ડિઝાઈન સહિત અવકાશ ક્ષેત્રની પ્રવૃત્તિઓના સમગ્ર શ્રેણી માટે નાણાકીય અને બિન-નાણાકીય સહાયની કલ્પના કરવામાં આવી છે,'' એક અધિકારીએ જણાવ્યું હતું.

# સોલાર પ્લાન્ટમાં ભયાનક આગ, ૪૦૦ કરોડ રૂપિયાનો સામાન બળીને ખાખ

દાહોદ,તા.૨૨

દાહોદના ભાટીવાડા ખાતે રાષ્ટ્રીય થર્મલ પાવર કોર્પોરેશન કંપનીના નિર્માણાધીન ૭૦ મેગાવોટના સોલાર પ્લાન્ટમાં સોમવારે (૨૧મી એપ્રિલ) રાત્રે ભીષણ આગ લાગી હતી. દાહોદના ચાર અને ઝાલોદના એક ફાયર ફાઈટરે આખી રાત સતત પાણીનો મારો ચલાવીને આગ પર માંડ માંડ કાબૂ મેળવ્યો છે. આ આગની ઘટનાએ પ્લાન્ટના ૯૫ ટકા સાધનોને બળીને રાખ કરી દીધા છે. આગની આ ઘટનામાં ૪૦૦ કરોડનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. મળતી માહિતી અનુસાર, આગ સોમવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી. પવનની ગતિને કારણે આગ ઝડપથી ફેલાઈ, જેના પરિણામે પ્લાન્ટમાં રાખવામાં આવેલા સોલાર પેનલ, ટ્રાન્સફોર્મર, કેબલ અને અન્ય સાધનો બળીને ખાખ થઈ ગયા. NTPCના કર્મચારીઓ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચી ગયા હતા, પરંતુ આગની તીવ્રતા એટલી હતી કે તેને કાબૂમાં લેવું અશક્ય બન્યું. દાહોદ અને આસપાસના જિલ્લાઓમાંથી ફાયર બ્રિગેડની ટીમો બોલાવવામાં આવી હતી. આ આગ કયા કારણે લાગી તેનું કારણ હજી અકબંધ છે. પરંતુ આગ એટલી ભયાનક હતી કે તેને ઓલવવામાં મુશ્કેલી બની હતી. ત્યારે દાહોદના ચાર અને ઝાલોદના એક ફાયર ફાઈટરે આખી રાત સતત પાણીનો મારો ચલાવીને આગ પર માંડ માંડ કાબૂ મેળવ્યો છે. પ્રાથમિક અંદાજ મુજબ આગથી ૪૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. મશીનરી અને સાધનોને ભારે નુકસાન પહોંચ્યું છે. આગનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. NTPC અને પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

### અનંતનાગ જિલ્લાના પહલગામની ઘટના

# ઈતિહાસનો સૌથી મોટો હુમલો, ૨૦થી વધુના મોતની આશંકા, ત્રણ ગુજરાતી ઘાયલ

**જો કે, સત્તાવાર રીતે એકના મોતની પુષ્ટિ કરાઈ છે જ્યારે ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે, બે લોકોની હાલત ગંભીર જણાવાય રહી છે**

પહલગામ,તા.૨૨

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં મંગળવારે મોટો આતંકવાદી હુમલો થયો હતો. આતંકવાદીઓએ પર્યટકો અને સ્થાનિકોને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ આતંકવાદી હુમલામાં ૨૦થી વધુ લોકોના મોત થયા હોવાની આશંકા સેવાઈ રહી છે. જો કે, સત્તાવાર રીતે એકના મોતની પુષ્ટિ કરાઈ છે. જ્યારે ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. બે લોકોની હાલત ગંભીર જણાવાય રહી છે. તેમાંના ત્રણ સ્થાનિક અને બાકીના ગુજરાત સહિત અન્ય રાજ્યોના નાગરિક છે. બીજી તરફ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ કાશ્મીર જવા રવાના થયા છે.

આતંકવાદી હુમલામાં ચાર પ્રવાસીઓ ઈજાગ્રસ્ત હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ઈજાગ્રસ્તોની સંખ્યા વધવાની આશંકા છે. માર્ચમાં હિમવર્ષા બાદ સેકડોંની સંખ્યામાં પર્યટકો જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે. એવામાં પહલગામમાં ટ્રેકિંગ માટે આવેલા પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો છે. સૂત્રો અનુસાર પર્યટકો રાજસ્થાનથી કાશ્મીર ફરવા માટે આવ્યા હતા. પ્રવાસીઓ જ્યારે એક પહાડ પર ટ્રેકિંગ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે છુપાઈને બેઠેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો.

સાઉદી અરેબિયાના બે દિવસના પ્રવાસે ગયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ફોન પર વાત કરી હતી અને આ મામલે નક્કર અને કડક કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા છે. વડાપ્રધાને ગૃહમંત્રીને પણ ઘટનાસ્થળની મુલાકાત લેવા જણાવ્યું હતું. આ દરમિયાન, અમિત શાહે નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, સીઆરપીએફ ડીજી, જમ્મુ અને કાશ્મીર ડીજીપી અને સેનાના અધિકારીઓએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠકમાં હાજરી આપી હતી. અમિત શાહે કહ્યું હતું કે, 'આતંકવાદીઓને કોઈપણ કિંમતે બક્ષવામાં આવશે નહીં.'

આતંકી હુમલા અંગે ઠ પર વડાપ્રધાન મોદીએ લખ્યું હતું, 'જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની હું સખત નિંદા કરું છું. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. હું પ્રાર્થના કરું છું કે ઘાયલો વહેલી તકે સ્વસ્થ થાય. અસરગ્રસ્તોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. આ ઘૃણાસ્પદ કૃત્ય પાછળના લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે. દોષિતોને બક્ષવામાં નહીં આવે. આતંકવાદીઓના એજન્ડા સફળ નહીં થાય. આતંકવાદ સાથે લડવાનો અમારો સંકલ્પ અટલ છે અને તે વધુ મજબૂત બનશે.'

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા પર શોક વ્યક્ત કર્યો છે. આ હુમલાને આઘાતજનક અને અત્યંત પીડાદાયક ગણાવતા તેમણે કહ્યું કે, 'નિર્દોષ લોકો પરનો આ હુમલો એકદમ બર્બર અને અમાનવીય હતો અને તેની સખત નિંદા થવી જોઈએ. નિર્દોષ નાગરિકો અને આ કિસ્સામાં પ્રવાસીઓ પર હુમલો અત્યંત શરમજનક અને અક્ષમ્ય છે.'

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ ઘટનાને તાજેતરના વર્ષોમાં નાગરિકો પરનો સૌથી મોટો હુમલો ગણાવ્યો છે. તેમણે ટ પર લખ્યું કે, 'મૃત્યુ પામેલા લોકોની સંખ્યા હજુ પણ નક્કી કરવામાં આવી રહી છે. પરંતુ આ હુમલો તેની ક્રૂરતા અને સ્કેલની દ્રષ્ટિએ અત્યંત ગંભીર છે.'થોડા દિવસ બાદ કાશ્મીરમાં અમરનાથ યાત્રા શરૂ થવાની છે, આ યાત્રામાં પહલગામમાં જ બેઝ કેમ્પ બનાવવામાં આવે છે. ગરમીના કારણે કાશ્મીરમાં ટુરિઝમને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. એવામાં આ આતંકવાદી હુમલાના કારણે કાશ્મીર ગયેલા અન્ય ટૂરિસ્ટોના જીવ પડીકે બંધાયા છે. સાથે સાથે આગામી સમયમાં થનારી અમરનાથ યાત્રાની સુરક્ષાને લઈને પણ સવાલ ઊભા થયા છે. પર્યટકો પર આ પ્રકારના હુમલાના કારણે કાશ્મીરના વેપાર ઉદ્યોગ પર પણ અસર પડશે.

### સાતેક હજાર ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે

# અટકી પડેલી ગ્રામ પંચાયતની ચૂંટણીનો માર્ગ મોકળો, રોટેશન જાહેર કરવા સૂચના

**તમામ જિલ્લા કલેક્ટરને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે**

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં તાજેતરમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ હતી. હવે અટકી પડેલી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેનો માર્ગ મોકળો થયો છે.તમામ જિલ્લા કલેકટરને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે. ઓબીસી અનામત અંગેના નિર્ણય બાદ નિર્ણય લેવામાં આવ્યો છે. કેટલાક જિલ્લાઓમાં રોટેશન જાહેર થયાં છે. આગામી સમયમાં ચૂંટણીપંચ ચૂંટણીની જાહેરાત કરી શકે છે.ગુજરાતમાં પાલિકા અને પંચાયતોની ચૂંટણી બાદ ઓબીસી અનામત મુદ્દે અટકી પડેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને મધ્યસત્ર ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. રાજ્ય ચૂંટણી આયોગે અગાઉ તમામ જિલ્લા કલેક્ટરોને પત્ર લખી ચૂંટણી માટે એલર્ટ થઈ જવા સૂચના આપી હતી. અધિકારી સુત્રોના જણાવ્યા પ્રમાણે ૩૦ જૂન ૨૦૨૫ સુધી જે ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે તેવી સાતેક હજાર ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે.ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે રોટેશન પ્રક્રિયામાં ઓબીસી માટે અનામત ૧૦ ટકાથી વધારી ૨૭ ટકા કરવાની પ્રક્રિયા વિચારણા હેઠળ હતી. આ માટે રાજ્ય સરકારે ઝવેરી કમિશનની રચના કરીને વિધાનસભા ગૃહમાં કાયદો પસાર કર્યો હતો. આ કાયદાને લગતી પ્રક્રિયા પૂર્ણ નહીં થતા ગ્રામ પંચાયતોની ચૂંટણી લંબાઈ હતી. પરંતુ હવે તમામ જિલ્લા કલેક્ટરોને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે.

# સચિન તેંડુલકરના સાસુની અમદાવાદ સ્થિત NGOનું ફોરેન્સિક ઓડિટ કરાશે

**નાણાંકીય વર્ષમાં ગિવ ફાઉન્ડેશનને મળેલી વિદેશી દાનની રકમ અને આ ભંડોળનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો તેની તપાસ કરશે**

અમદાવાદ ,તા.૨૨

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે અમદાવાદમાં રજિસ્ટર્ડ ઓફિસ ધરાવતી બિન સરકારી સંસ્થા ગિવ ફાઉન્ડેશનનાં ખાતાંનું ફોરેન્સિક ઓડિટ કરવા આદેશ આપ્યો છે. અમદાવાદના થલતેજમાં રજિસ્ટર્ડ ઓફિસ ધરાવતા ગિવ ફાઉન્ડેશનનાં ડિરેક્ટર્સમાં ક્રિકેટર સચિન તેંડુલકરનાં સાસુ અન્નાબેલ આનંદ મહેતા પણ છે. અન્નાબેલ આનંદ મહેતા ૨૦૧૦થી ગિવ ફાઉન્ડેશનનાં ડિરેક્ટર છે. ગિવ ફાઉન્ડેશન ગિવ ઈન્ડિયા તરીકે પણ ઓળખાય છે.

ગૃહ મંત્રાલય દ્વારા ભાગ્યે જ કોઈ એનજીઓના ફોરેન્સિક ઓડિટનો આદેશ અપાય છે. એ જોતાં ગિવ ઈન્ડિયા સામે ગંભીર પ્રકારની ફરિયાદો થઈ હોવાની અથવા વિદેશમાંથી મળેલા દાનનો ગેરકાયદેસર કામોમાં દુરૂપયોગ કરાયો હોવાની વાત ધ્યાન પર આવી હોવાની શક્યતા છે. ગૃહ મંત્રાલય પોતાની રીતે પણ તપાસ શરૂ કરી શકે છે પણ મોટા ભાગના કિસ્સામાં સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા ગેરરીતિની શક્યતા ધ્યાનમાં આવતાં ઓડિટના આદેશ અપાય છે. ગિવ ઈન્ડિયા અથવા ગિવ ફાઉન્ડેશનની રજિસ્ટર્ડ ઓફિસ અમદાવાદમાં થલતેજના ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં આવેલી છે.ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કંપની બોરકર અને મજુમદારને ગૃહ મંત્રાલય દ્વારા ફોરેન્સિક ઓડિટ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. સીએ કંપની ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ એમ ત્રણ નાણાંકીય વર્ષમાં ગિવ ફાઉન્ડેશનને મળેલી વિદેશી દાનની રકમ અને આ ભંડોળનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો તેની તપાસ કરશે.

સીએ કંપનીને ફોરેઈન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ (એફસીઆરએ)ની કલમ ૨૦ હેઠળ એનજીઓ સાથે સકળાયેલાં લોકો પાસેથી માહિતી માગવાની સા અપાઈ છે. જ્યારે કલમ ૩૦ હેઠળ ખાતાં તપાસવાની સત્તા અપાઈ છે. બહુ ઓછા કેસોમાં આ કલમો લગાવાય છે એ જોતાં ગિવ ફાઉન્ડેશન દ્વારા મોટા પાયે ગરબડો કરાઈ હોવાની શક્યતા નકારી શકાય નહીં.

### AIથી વકીલોના વ્યવસાય પર પણ મોટો ખતરો

# મોટી સંખ્યામાં લોકો બેરોજગાર થશે; AI પર સુપ્રીમ કોર્ટે વ્યક્ત કરી ચિંતા

**ભવિષ્યમાં ડ્રાઈવરનું કામ પણ AI થી થશે તેનાથી પરિણામો ખતરનાક આવી શકે છે**

નવીદિલ્હી,તા.૨૨

આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સની ઝડપી વધી રહેલી શોધથી તમામ સુવિધા મળી રહી છે, ત્યારે લોકોને રોજગાર સંબંધિત ચિંતાઓ પણ સતાવી રહી છે. આ ચિંતાને લઈને હવે સુપ્રીમ કોર્ટે પણ ચિંતા વ્યક્ત કરી છે. અદાલતે મંગળવારના રોજ એક સુનવણી દરમિયાન કહ્યું કે, ભવિષ્યમાં ડ્રાઈવરનું કામ પણ AI થી થશે. તેનાથી પરિણામો ખતરનાક આવી શકે છે અને મોટાપાયે લોકો બેરોજગાર થઈ શકે છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એનકે સિંહની બેન્ચે એક જનહિતની અરજી પર સુનવણી કરતી વખતે આ વાત કરી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે એવી માંગ કરી હતી કે, સરકારે ઈલેક્ટ્રિકલ વ્હીકલ્સની ખરીદી અને તેના ઉપયોગ વધારવા માટે પ્રોત્સાહિત કરતી નીતિ બનાવવા કહ્યું હતું. આ દરમિયાન કોર્ટે કહ્યું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે ડ્રાઈવરોના રોજગાર પર પણ અસર થઈ શકે છે. કોર્ટે કહ્યું, 'અમારી ચિંતા એ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ના કારણે આ ડ્રાઈવરોની બેરોજગાર ન થવા જોઈએ.' ઉલ્લેખનીય છે કે, ભારતમાં ડ્રાઈવરની નોકરી પણ રોજગારનો એક મોટો સ્રોત છે. ન્યાયાધીશ સૂર્યકાંતે મજાકમાં કહ્યું કે, AI થી વકીલો પણ ટક્કર લઈ રહ્યા છે. એવા સાધનો આવ્યા છે, જેના થકી તમે કોઈપણ કાયદાકીય સલાહ લઈ શકો છો. તેમણે કહ્યું કે, 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ ઝડપથી વિકસતી ટેકનોલોજી છે. દર મહિને નવા સુધારા સાથે એક સારું મોડ્યુલ બહાર આવે છે. આપણે અત્યારે જે જોઈ રહ્યા છીએ તે છેં-આધારિત એડવોકેટ ટૂલ્સ છે. અમેરિકામાં તો તેનો ખૂબ જ ઉપયોગ થઈ રહ્યો છે. અમને વકીલોની પણ ચિંતા થઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં પણ મોટા-મોટા ઉદ્યોગપતિઓ આ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. કન્ટેન્ટ રાઈટિંગ અને કન્સલ્ટન્સી સહિત ઘણા વ્યવસાયો એવા છે, જેમને AI ના કારણે પ્રતિકૂળ અસર થવાની આશંકા છે. ઈલેક્ટ્રિક કાર ખરીદવાની નીતિ અંગે દાખલ કરવામાં આવેલી પીઆઈએલ પર પ્રશાંત ભૂષણ દલીલ કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, 'ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોને ઝડપથી પ્રોત્સાહન આપવું પડશે. તેનું મુખ્ય કારણ એ છે કે, વિશ્વના ૧૫ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૪ ભારતમાં છે. મારી માંગણી છે કે, સરકારે પોતે આવી નીતિ લાગુ કરવી જોઈએ. અને જો સરકાર આગળ નહીં વધે તો અન્ય વિભાગો કેવી રીતે આગળ વધશે. સરકારે મૂળભૂત માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.'

પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે, 'હાલમા ૪૦૦ કિલોમીટરના અંતરે ઈલેક્ટ્રિક વાહનો માટે ચાર્જિંગ સેન્ટર ઉપલબ્ધ છે.' એટર્ની જનરલ આર. વેંકટરામણીએ સરકારનો પક્ષ રજૂ કરતાં કહ્યું કે, 'અમને થોડો સમય આપવો જોઈએ. પછી અમે તમને જણાવીશું કે આ અંગે સરકારની નીતિ શું છે.' કોર્ટે હવે આ કેસની સુનાવણી માટે ૧૪ મેની તારીખ નક્કી કરી છે.

### યુપીએસસી માટે અમદાવાદની સ્પીપામાં તૈયારી કરી હતી

# વડોદરાની હર્ષિતાએ UPSC માં દેશમાં બીજો ક્રમ મેળવી ઈતિહાસ રચ્યો

**યુપીએસસીની પરીક્ષામાં પણ તેણે ઝળહળતી સફળતા મેળવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે**

અમદાવાદ,તા.૨૨

યુપીએસસીના આજે જાહેર થયેલા પરિણામમાં સમગ્ર ભારતમાં બીજો ક્રમ મેળવનાર હર્ષિતા ગોહેલ વડોદરાની રહેવાસી છે. તેણે એમ.એસ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાંથી ૨૦૨૦ માં ડિગ્રી મેળવી હતી. સાથે સાથે વડોદરામાંથી સીએની પરીક્ષા પણ પાસ કરી હતી. યુપીએસસીની પરીક્ષામાં પણ તેણે ઝળહળથી સફળતા મેળવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે.

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતી હર્ષિતા ગોહિલે યુપીએસસી માટે અમદાવાદની સ્પીપામાં તૈયારી કરી હતી. એક ઈન્ટરવ્યૂમા તેણે કહ્યું હતું કે રિઝલ્ટ જાહેર થયા પછી મને વિશ્વાસ નહોતો થતો કે મને આખા ભારતમાં બીજો ક્રમ મળ્યો છે. મારા પરિવારનું નામ રોશન કરવાનો મને ગર્વ છે. તેણે કહ્યું હતું કે મેં જ્યારે સીએની ડીગ્રી લીધી ત્યાં સુધી યુપીએસસી પરીક્ષા અંગે વિચાર્યું ન હતું. એ પછી મારા પિતાની પ્રેરણાથી મેં સિવિલ સર્વિસનો અભ્યાસ કરવાનો નક્કી કર્યું હતું. પરીક્ષામાં સફળતા માટે સાતત્યપૂર્ણ તૈયારી જરૂરી છે. ક્યારેક એવો સમય પણ આવતો હોય છે કે જ્યારે વાંચવાનું મન ના થાય. તે વખતે આત્મવિશ્વાસ અને મનોબળ જરૂરી હોય છે. બીજાનું અનુકરણ કરવાનો કે તેની પાછળ ભાગવાનો કોઈ અર્થ નથી તમારે તમારા મનની વાત સાંભળવી જોઈએ.હર્ષિતાએ કહ્યું હતું કે મેં સોશિયલ મીડિયા બંધ નહોતું કર્યું. એવું નથી કે સોશિયલ મીડિયા મૂકતાં જ કરે છે તેના પર ઉપયોગી માહિતી પણ ઉપલબ્ધ હોય છે અવાજે એક એકાઉન્ટના કારણે મને પ્રિલિમ પરીક્ષામાં મદદ મળી હતી. તમારું જો તમારા મન પર નિયંત્રણ હોય તો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં વાંધો નથી પણ જો તમે એવું લાગતું હોય કે સોશિયલ મીડિયા ધ્યાન ભટકાવે છે તો તેનો ઉપયોગ ના કરો.

# પાટણમાં ૪૦ વ્યક્તિઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર કરાશે એનાયત

પાટણ,તા.૨૨

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ લાગુ કરાયેલા સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ અંતર્ગત પડોશી દેશોમાંથી આશ્રય લેનાર હિન્દુ નિર્વાસિતોને ભારતીય નાગરિકતા પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે, તા. ૨૩ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના ઓઢવનગર ખાતે એક વિશેષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ૪૦ વ્યક્તિઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ સમારોહમાં ઠાકોર સમાજ દ્વારા હર્ષ સંઘવીનું વિશેષ સન્માન કરવામાં આવશે.પડોશી દેશોમાં દમનનો ભોગ બની ભારતમાં આશ્રય લેનાર વ્યક્તિઓને નાગરિકતા આપવાનો આ કાર્યક્રમ ગુજરાત સરકારની તેમના કલ્યાણ અને સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. CAAના અમલીકરણ દ્વારા યોગ્ય પાત્રતા ધરાવતા વ્યક્તિઓને નાગરિકતા પ્રમાણપત્ર આપવામાં આવશે, જેથી તેઓ સુરક્ષિત અને સન્માનજનક જીવન જીવી શકે. આ કાયદા હેઠળ નાગરિકોને મળતા તમામ અધિકારો અને લાભો સુનિશ્ચિત કરવા ગુજરાત સરકાર સતત પ્રયાસરત છે.આ કાર્યક્રમ CAAના સફળ અમલીકરણની દિશામાં ગુજરાતનું એક નોંધપાત્ર પગલું છે, જે નિર્વાસિતોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાના રાજ્ય સરકારના સંકલ્પને દર્શાવે છે. રાજ્ય સરકાર આવા પ્રયાસો દ્વારા નાગરિકોના હિતોનું રક્ષણ અને સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે.

# અમરેલીનાં વિવિધ આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી



રાજયસરકારદ્વારા 'પોષણ અભિયાનપખાવાડિયા'નીઉજવણીશરૂ છે, આ ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. અમરેલી સ્થિત રામવાડી અને કેરીયા રોડ આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવીહતી. બાળકોમાંકુપોષણનોદરઘટે, તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય તે અર્થે વિગત અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિભાગીય નાયબનિયામક પૂર્વીબેન પંચાલ, પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટ, સીડીપીઓમીનાક્ષીબેનરાઠોડ, જિલ્લાના કર્મચારી ફાલ્ગુનીબેન યાદવ તથા જયનેશભાઈ શુકલા દ્વારા વિવિધ આંગણવાડી કેન્દ્રોની મુલાકાત કરવામાં આવીહતી. જિલ્લાનાવિવિધઆંગણવાડી કેન્દ્રો ખાતે કિશોરીઓ દ્વારા ધાન્ય કઠોળ, શાકભાજી સહિતના પૌષ્ટિક આહારની રંગોળી બનાવીને પોષણ માટેની જરૂરી સમજઅનેસંદેશઆપવામાંઆવ્યોહતો. ઉલ્લેખનીયછેકેદરવર્ષેપોષણમાસઅને પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાંઆવેછે.

પાના ૮ ઉપરનું ચાલું **મહેસુલી કર્મચારીઓએ**

આપવામાં આવેલ છે જે અનુલક્ષીને તારીખ૨૨/૪/૨૦૨૫નાદિવસેતમામ મહેસુલી કર્મચારીઓએ વિરોધ પ્રદર્શિત કરવા કાળી પટ્ટી ધારણ કરેલ હતીતેમજસખતઉનાળાનાદિવસોહોય ત્યારેઆમજનતાનેકેઅરજદારોહેરાન ન થવું પડે માટે કચેરી કામગીરી વિના વિક્ષેપે શરૂ રાખવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ચલાલામાં ''વોટરકુલર''ની ખરીદીમાં**

પ્રકારનાગુણવત્તાવાળાવોટરકુલરલાંબા સમયટકીરહીશકેતેમનાહોયજનતાના પૈસાનો વ્યય થતો દેખાતો હોય. તો આ તમામ બાબતોને ધ્યાને લઈ આ કામ કરનાર એજન્સીના બીલ નહી ચુકવવા તથા યોગ્ય કાયદાકીય પગલા લેવા જણાવવામાં આવેલ છે. જો એજન્સીને બીલચુકવાયજાયતોમસમોટોભ્રષ્ટાચાર થવાની પુરી સંભાવના રહેલી છે. મસ મોટો ભ્રષ્ટાચાર અટકાવવા પણ એજન્સીનુ બીલ નહી ચુકવવા માંગ કરી છે.

નગરપાલિકાએ આપેલ વર્કઓડર મુજબ એક વોટરકુલર(આરઓ સાથે)ની કિંમત ૭૫૦૦૦છે. એકવોટરકુલરનીમાતબર કિંમત હોવા છતા આઈએસઆઈ, આઈએસઓસરકારમાન્યપ્રમાણિતના હોય તેવા તદન હલ્કી કક્ષાના મુકવામા આવેલછે. નવાઈનીવાતતોએછેકેતદન હલ્કી કક્ષાના અને આઈએસઆઈ, આઈએસઓ પ્રમાણિત વગરના વોટરકુલરહોવાછતાંચિફઓફિસરઅને પ્રમુખે શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં મુકાવીને લોકાર્પણ કરી દીધા છે. એને એજન્સીનાબીલઆપીદેવાનીતજવીજ પણ ચાલુ કરેલ છે. ધારાસભ્યની મીઠી નજર તળે ચિફ ઓફિસર, પ્રમુખ અને અમુક સદસ્યોની મીલીભગતથી મસ મોટો ભ્રષ્ટાચાર કરવાનુ કૌભાંડ આચર્યો હોવાનુ માલુમ પડે છે. પુર્વ ઉપ પ્રમુખ જયરાજભાઈ વાળા અને સદસ્ય પરેશભાઈ કાથરોટીયાનીરજુઆતબાદ એજન્સીનુ બીલ અટકાવી નબળો માલ ધાબડીદીધોછેતેનીકાયદાકીયકાર્યવાહી કરેછેકેપછીએજન્સીનેબીલચુકવીદઈ મસ મોટો ભ્રષ્ટાચાર કરે છે તેના પર લોકોનીનજરકેન્દ્રિતથઈછે. વિરોધપક્ષ વગરની નગરપાલિકામાં સત્તાધીશો મનફાવે તેવા મનઘડત બે ફામ નિર્ણયો લઈ રહ્યા હોય તેવી લોકોમાં ચર્ચાઓએ જોર પકડયુ છે. બે વર્ષના વહીવટદાર શાસન પછી સત્તામાં આવ્યા ને હજુ તો માત્ર એક દોઢ મહિના જેવો સમય થયો છેત્યાંઆવાએકપછીએકભ્રષ્ટાચારના કૌભાંડો બહાર આવતા હોવાથી અને સદસ્યોનીઅંદરોઅંદરનીહુસાતુસીથી નગરજનોમાંનગરપાલિકાનાસત્તાધીશો અને ધારાસભ્ય સામે ભારે નારાજગી જોવા મળી રહેલ છે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) – ચક્કરગઢ રોડ અમરેલી - Ad010

**સંકુલ ધો. ૧ થી ૧૨ ગુ.મી. – સવાર બપોર સ્કૂલ**

| | |
|---|---|
| ★ ધો. ૧ થી ૫ મિશ્ર સવાર | ★ ધો. ૧૧ – ૧૨ આર્ટસ મિશ્ર સવાર |
| ★ ધો. ૧ થી ૫ મિશ્ર બપોર | ★ ધો. ૧૧ – ૧૨ આર્ટસ ગર્લ્સ બપોર |
| ★ ધો. ૬ થી ૮ મિશ્ર સવાર | ★ ધો. ૧૧ – ૧૨ કોમર્સ મિશ્ર સવાર |
| ★ ધો. ૬ થી ૮ ગર્લ્સ બપોર | ★ ધો. ૧૧ – ૧૨ કોમર્સ ગર્લ્સ બપોર |
| ★ ધો. ૯ – ૧૦ મિશ્ર સવાર | ★ ધો. ૧૧ – ૧૨ સાયંસ મિશ્ર સવાર |
| ★ ધો. ૯ – ૧૦ ગર્લ્સ સવાર | ★ ધો. ૧૧ – ૧૨ સાયંસ ગર્લ્સ બપોર |


પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં પ્લેન ક્રેશ થતાં**

આપવા માટે થઈ રખાયેલ એક પ્લેન આજે બપોરના સમયે ટ્રેઈની પાયલોટ અમદાવાદના વતની અનિકેત મહાજન એકપ્લેનનીટ્રેનિંગલઈરહયાહતાઅનેત્રણ ચાર વખત પોતાના પ્લેનને ટેક ઓફ અને લેન્ડિંગકર્યાબાદફરીવખતહજુઉડાનભરી હતી. ત્યાં અમરેલીના એરપોર્ટ પાછળ આવેલ અમરેલીના શાસ્ત્રીનગર નજીક ઠેબી ડેમના પાળા સામે આવેલા ખુલ્લા પ્લોટમાં રહેણાંક વિસ્તારની નજીક મીની પ્લેન કોઈ કારણોસર ક્રેશ થવા પામ્યું હતું.

આ પ્લેન ક્રેશ થતા જ આ મીની પ્લેનના ટુકડા થઈ ગયા બાદ અચાનક જ પાયલોટની કોકપિટ ભાગમાં આગ ભભુકી ઉઠતાંઆપ્લેનમાંરહેલાંએકટ્રેનીપાયલોટ અનિકેત મહાજન ગંભીર રીતે દાઝી જતાં તેમનુંમોતઘટનાસ્થળેજથયુંહતું. આપ્લેન ક્રેશ થયું ત્યારે આ વિસ્તારમાં રહેતા વિશાલભાઈ માધડ આ પ્લેનમાં ફસાયેલા પાયલોટનેબચાવવામાટેપ્રયત્નકરવાજતાં અચાનક પ્લેનમાં આગ ભભુકી ઉઠી હતી. જેમાં આ યુવક દાઝી જતાં તેમને સારવાર માટે દવાખાને ખસેડાયેલ. આ બનવાની જાણથતાંજઅમરેલીરેવેન્યુવિભાગ, ફાયર ફાઈટર, પોલીસ, એમ્બ્યુલન્સ ૧૦૮ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાંઆવેલહતો. જયારેઅમરેલીફાયર ફાઈટર દ્વારા પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. જયારે આ બનાવમાં મોતને ભેટેલા ટ્રેઈની પાયલોટના મૃતદેહને સરકારી દવાખાને ખસેડવામાં આવેલ હતો.

પ્લેન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થતાં અને સળગી ઉઠતાં સ્થાનિક રહીશો દ્વારા ફાયર ફાઈટર ન આવુ ત્યાં સુધી હાથ લાગ્યું તે વાસણ તથા પાઈપ દ્વારા પાણીનો મારો શરૂ કર્યો હતો.

અમરેલીમાં વિઝન ફલાઈંગ ઈન્સ્ટિટયુટદ્વારાટ્રેનિંગશરૂકરવામાંઆવેલ ત્યારે અમરેલી વિકાસ સમિતિ દ્વારા પાયલોટ ટ્રેનિંગ સેન્ટરના પ્લેન શહેરની બહારના વિસ્તારમાં પ્લેન ટ્રેનિંગ આપે તે અંગેનુંઆવેદનપત્ર કલેકટરને આપી માંગ કરી હતી.

અમરેલીના હિતેશ સેંજલીયા નામના યુવકે ૪ એપ્રિલે સોશ્યલ મીડિયામાં પ્લેન ક્રેશ થવા અંગે દહેશત વ્યકત કરી હતી અનેઅમરેલીઉપરટ્રેઈનીએરોપ્લેનમાટેના તમામ જવાબદારોના નામ, હોદ્દાના લીસ્ટ દરેક રોડે ચોકે, ફાટકે લગાવવાની માંગણી પણ કરી હતી.

## અવસાન નોંધ

**ધારી :** ધારીનાં રહીશ મંજુલાબેન નટવરલાલ નિમાવત (ઉ.વ. ૭૬) તે નટવરલાલ મનોહરદાસ નિમાવત (મહંત બૈજનાથ મહાદેવ મંદિર)ના પત્ની તથા ગીરીશભાઈ (ટ્રાન્સપોર્ટવાળા) તથા દુષ્યંતભાઈ (ફાર્માસિસ્ટ સિવિલ હોસ્પિટલ–ધારી) તથા ચંદ્રેશભાઈના માતાનું તા. ૨૦નાં રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૨૫ ને શુક્રવારનાં રોજ ૩ થી ૭ નટવરલાલ મોહનદાસ નિમાવતના નિવાસ સ્થાને લાયબ્રેરી રોડ, ધારી ખાતે રાખેલ છે.

**બાબરા :** બ્રહ્મક્ષત્રિય ચંદ્રકાંતભાઈ હરિદાસભાઈ છાટબારના ધર્મપત્ની રંજનબેન ઉ.વ.૭૬ તેઓ પિયુષભાઈ અને ધર્મેન્દ્રભાઈના માતૃશ્રીનું તા.૨૨/૪/૨૦૨૫ના અવસાન થયું છે. તેમનું ઉઠમણું તા.૨૪/૪/૨૦૨૫ સાંજે ૪ થી ૬ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી નદીકાંઠે બાબરા રાખેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **સુરતમાં માત્ર ૨૦ રૂપિયા માટે**

નશો કરવા માટે ૨૦ રૂપિયા ચપ્પુ દેખાડીને આપ્યા હતા. પરંતુ યુવાન પાસે માત્ર ૧૦ રૂપિયા જ ભાડાનાં હોવાથી નાં પાડેલ એટલે નરોડી પ્રભુ શૈટ્ટી પરપ્રાંતિયે નશાની હાલતમાં ચપ્પુ વડે ઘાતક હથિયારોથી હુમલો કરીને આશાસ્પદ યુવાન પરેશ વાઘેલા રત્નકલાકારની બેરહમીથી હત્યા કરી નાખી હતી. મૃતક પરેશના પિતા અરવિંદભાઈ વાઘેલા દેવીપુજક શાકભાજીની રેકડી ચલાવીને વ્યવસાય કરે છે. પોતાના પરિવાનું ભરણપોષણ કરે છે, સુરતનાં કૃષ્ણનગર કાપોદ્રા વિસ્તારમાં રહે છે. પાંચ સંતાનોમાં ચાર બહેનોને એકનો એક ભાઈ હતો જેની કરપિણ હત્યા કરવામાં આવી હોય મૃતક પરિવારજનોને આર્થિક સહાય કરવા અને હત્યાનાં આરોપીને કડક સજા કરવાની માંગ કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીની એક પોલીસ ચોકીના**

ગઈ તેવો દાવો કરવામાં આવ્યો છે. વિડીયોમાં મહિલા દારુ અંગે પૂછે છે તેમાં એક કર્મચારી આ બોટલો પોલીસ જે દારૂ પકડયો હોય તે જૂનાગઢ એફએસએલમાં મોકલવા માટેની છે. તેમ જણાવે છે. આ ઉપરાંત ટેબલ નજીક એક ખૂણામાં દારૂ જેવી લાગતી બોટલો પડેલી વિડીયોમાં દેખાય છે. અને બાજુમાં દારૂમાં ચખના માટે ઉપયોગમાં લેવાતું હોય તેવું એક નમકીનનું પેકેટ હોય તેવું લાગતું તોડેલું પેકેટ પણ પડેલું છે. દારૂની બોટલ તોડેલી હતી કે કેમ અને પોલીસ ધ્વારા આ દારુ પકડવામાં આવ્યો હતો. અને જૂનાગઢ એફએસએલમાં મોકલવા માટેની કોઈ કાર્યવાહી ચાલતી હતી કે કેમ, મહિલા દ્વારા પોલીસ ચોકમાં કર્મચારીઓ દારૂ પીતા હતા તેઓ આરોપ સાચો છે કે કેમ તે અંગે તપાસ કરવા માગી ઊઠી છે. લોકો દ્વારા સોશ્યલ મીડિયામાં આકરી ઝાટકી કાઢવામાં આવી હતી.

આ અંગે અમરેલી સીટી પોલીસ મથકમાં સીનીયર પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલાએ જણાવ્યું કે, આ અંગે તેમના દ્વારા જિલ્લા પોલીસવડાને રિપોર્ટ કરવામાં આવ્યો છે અને તેમના દ્વારા આગળની તપાસ સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

આ અંગે અમરેલીના એસપી સંજય ખરાતએ જણાવ્યું કે, આ વિડિયોમાં પોલીસ કર્મચારીઓ દારૂ પીતા હોય એવું કશું દેખાતું નથી. જે મહિલા દ્વારા પોલીસ સામે આ પ્રકારના આરોપ મુકવામાં આવ્યો છે તેના પતિ સામે દારૂની જુદી જુદી ફરિયાદો નોંધાયેલી છે.


## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : – બાબરા– અમારા અસીલ જમીન વેચનાર **ભાયલાલભાઈ કાનાભાઈ કાચા** રહે:–પાનસડા, તા.બાબરા, જી. અમરેલી વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **પાનસડા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન **રમાબેન લવાભાઈ ભુવા, રહે. રાજકોટ** વાળાને વેચાણ દસ્તાવેજથી અમારા અસીલ **ભાયલાલભાઈ કાનાભાઈ કાચા** રહે :– પાનસડા, તા.બાબરા, જી.અમરેલી વાળા વેચાણ આપવા માંગે છે. જે ખેતીની જમીનની વિગત નીચે મુજબ છે.

**જમીનની વિગતઃ–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | **ભાયલાલભાઈ કાનાભાઈ કાચા** | ૩૮૩ | ૪૩૮ (જુનો સર્વે નં.૬૬ પૈકી ૨) | ૦–૯૬–૧૮ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૧૫ (પંદર)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ અમારા અસીલ પાસેથી ઉપર મુજબની વિગત વાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ ખરીદનાર **રમાબેન લવાભાઈ ભુવા,** રહે–રાજકોટ વાળાના નામે કરાવી આપીશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**
**તા :– ૨૨–૦૪–૨૦૨૫**

**અમારા અસીલ**
**શ્રી ભાયલાલભાઈ કાનાભાઈ કાચાની**
**સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
**(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)**
રાજકોટ – ભાવનગર હાઈ–વે, અવધ ટાઈમ્સના ગેટની અંદર,
બસ સ્ટેશન સામે મુ.બાબરા, તા.બાબરા, જિ.અમરેલી
મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬ / ૯૪૮૪૪ ૫૫૩૩૩


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૪૮ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૧૪ | ૧૦૨૫ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૯૫ | ૧૩૦૩ |
| ૪ | તલ સફેદ | ૧૧૪૦ | ૨૧૮૫ |
| ૫ | તલ કાળા | ૪૦૦૦ | ૪૭૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૧૭૦ | ૨૧૭૦ |
| ૭ | બાજરો | ૬૦૨ | ૬૩૦ |
| ૮ | જુવાર | ૩૦૦ | ૯૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૬૯૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૭ | ૫૩૨ |
| ૧૧ | મકાઈ | ૩૦૦ | ૪૭૫ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૩૪૫ |
| ૧૩ | ચણા | ૬૩૫ | ૧૦૯૦ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૭૩ | ૧૨૪૨ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૪૯ | ૧૨૮૫ |
| ૧૬ | છોલે ચણા | ૧૩૨૪ | ૧૯૫૦ |
| ૧૭ | તુવેર | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ૧૮ | કપાસ | ૮૦૦ | ૧૫૬૯ |
| ૧૯ | એરંડા | ૯૭૫ | ૧૧૭૧ |
| ૨૦ | જીરૂ | ૨૨૦૦ | ૪૪૫૦ |
| ૨૧ | રાયડો | ૮૦૦ | ૧૦૧૦ |
| ૨૨ | રાય | ૯૦૦ | ૧૧૧૦ |
| ૨૩ | ધાણા | ૧૦૫૦ | ૧૪૨૫ |
| ૨૪ | ધાણી | ૧૦૭૦ | ૧૬૭૦ |
| ૨૫ | મેથી | ૮૦૦ | ૧૦૭૦ |
| ૨૬ | સોયાબીન | ૭૦૦ | ૮૨૬ |
| ૨૭ | મરચા લાંબા | ૩૦૦ | ૧૭૬૦ |
| ૨૮ | દેશી મરચા | ૫૧૦ | ૩૮૫૦ |
| ૨૯ | કાંગ | ૪૨૫ | ૫૫૫ |
| ૩૦ | સુવાદાણા | ૧૦૫૦ | ૧૫૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૨૬ |
| ૨ | શીંગ મોટી | ૯૯૦ | ૧૦૩૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૩૦ | ૨૧૬૦ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૭૩૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૫૨૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૦ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૫૭૦ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૮૧૦ |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૦૮૬ |
| ૧૧ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૨૭૫ |
| ૧૨ | તુવેર | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૧૩ | એરંડી | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ૧૪ | મેથી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૫ | ધાણા | ૧૩૫૦ | ૧૬૯૦ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૮૧૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૦ | ૧૩૬૩ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૦૦ | ૯૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૫૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૭૦ | ૧૪૨૦ |
| ૩ | મગફળી | ૯૮૫ | ૧૦૧૫ |
| ૪ | જીરૂ | ૪૦૮૦ | ૪૫૫૦ |
| ૫ | ઘઉં | ૪૫૯ | ૫૨૧ |
| ૬ | ધાણા | ૧૨૮૦ | ૧૫૦૦ |
| ૭ | ચણા | ૧૦૭૬ | ૧૧૦૦ |
| ૮ | તુવેર | ૧૨૪૦ | ૧૩૭૦ |
| ૯ | મેથી | ૯૭૦ | ૧૦૧૦ |
| ૧૦ | એરંડા | ૧૦૪૦ | ૧૧૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૦૦ |
| ૩ | વાલ | ૪૦૫ | ૪૦૫ |
| ૪ | ચણા | ૯૭૦ | ૧૦૭૫ |
| ૫ | મેથી | ૮૫૨ | ૮૫૨ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૨૩૫ |
| ૭ | અડદ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૭૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૭૫૦ | ૧૮૦૦ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ૧૧ | રાય | ૯૬૨ | ૯૬૨ |
| ૧૨ | સોયાબીન | ૭૨૫ | ૮૦૧ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૭૨ | ૧૦૭૨ |
| ૧૪ | જીરૂ | ૩૯૦૫ | ૩૯૦૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૪૦ | ૯૯૪ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૬ | ૪૮૦ |
| ૩ | ચણા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૪ | તુવેર | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૬ | એરંડા | ૯૯૫ | ૧૧૩૬ |
| ૭ | મેથી | ૯૪૧ | ૯૪૧ |
| ૮ | શીંગ ફાડા | ૧૧૦૫ | ૧૧૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૫૦ | ૯૯૧ |
| ૨ | તલ સફેદ | ૧૧૫૦ | ૧૮૫૦ |
| ૩ | તલ પીળા | ૧૮૦૯ | ૧૮૦૯ |
| ૪ | કપાસ | ૧૨૨૦ | ૧૪૭૭ |
| ૫ | બાજરો | ૪૧૦ | ૫૭૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૧ |
| ૭ | જુવાર | ૭૧૮ | ૮૫૩ |
| ૮ | મકાઈ | ૬૦૦ | ૬૦૦ |
| ૯ | તુવેર | ૧૧૦૧ | ૧૧૬૧ |
| ૧૦ | ચણા | ૧૦૦૧ | ૧૦૮૬ |
| ૧૧ | રાય | ૧૦૫૦ | ૧૩૩૨ |
| ૧૨ | મેથી | ૭૧૦ | ૧૧૫૦ |
| ૧૩ | સોયાબીન | ૮૦૯ | ૮૦૯ |
| ૧૪ | સુવા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | અજમા | ૨૧૧૦ | ૨૧૧૦ |
| ૧૬ | એરંડી | ૧૦૬૩ | ૧૦૬૩ |

### હવાઈપટ્ટીને બાયપાસ સુધી લંબાવવામાં આવે તે સમયની માંગ

# એરપોર્ટ નજીકનાં રહેણાંકનુ ઝડપથી સ્થળાંતર કરો

**શાસ્ત્રીનગર, નવાગીરીયા અને ભુતીયા ગામનુ બાયપાસની પેલેપાર ઈશ્વરીયા નજીક કરો સ્થળાંતર**

**પ્રાથમિક સર્વે થઈ ચુકયો હોય સ્થાનીક કક્ષાએથી પણ યોગ્ય રીપોર્ટ હોય સરકારે કામગીરી શરૂ કરવી જરૂરી**

**સરકારની હાઈવેને હવાઈઅડ્ડા સાથે જોડવાની યોજનાની અમરેલીમાં અમલવારી કરવી જોઈએ**

**અકસ્માતની ઘટના રહેણાંક વિસ્તારમાં બનતા સરકારે હવે સર્તક રહેવાની જરૂર**

અમરેલી, તા.૨૨

અમરેલીના હયાત એરપોર્ટની હવાઈપટ્ટીને નાના માચીયાળા નજીકથી પસાર થતાં બાયપાસ માર્ગ સાથે જોડવાની પ્રાથમિક તૈયારીઓ થઈ છે. તે માટે જરૂરી સર્વે પણ થયાનું જાણવા મળી રહયું હોય રાજય સરકારની મંજૂરીના અભાવે જમીન સંપાદન અને સ્થળાંતરની કામગીરી શરૂ થતી નથી હોવાનુ ચર્ચાઈ રહયુ છે.

અમરેલીનાં એરપોર્ટની હવાઈપટ્ટીની લંબાઈ વધારવાનો નિર્ણય થઈ ચુકયો છે હવાઈપટ્ટી ૨ કિ.મી. અંદાજિત વધારવામાં આવે તો અમરેલીમાં ભવિષ્યમાં મોટાકદના પ્લેનની આવન-જાવન થઈ શકે તેમ છે.

સ્થાનિક કક્ષાએથી હકારાત્મક રીપોર્ટ પણ સરકાર સમક્ષ મોકલી દેવાયો હોય સરકાર તુરત જ જમીન સંપાદનની મંજુરી આપીને કામગીરી શરૂ કરાવવી જોઈએ તે સમયની માંગ છે.


### ૨૩ એપ્રિલ, વિશ્વ પુસ્તક દિવસ

## રેલી તરફ જતી ભીડ જયારે લાઈબ્રેરી તરફ વળશે ત્યારે સમાજમાં સાચી ક્રાંતિ થશે

**પુસ્તક જ્ઞાનની પરબ છે**

અમરેલી, તા.૨૨

પુસ્તક બે પૂંઠા વચ્ચેના કાગળ ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. જ્ઞાનનો ભંડાર એટલે પુસ્તક. પ્રગતિ અને એક અનેરી સમજનો મગજ સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. માત્ર એટલો વિચાર કરીએ કે પુસ્તક વિનાની દુનિયા કેવી લાગતી હોત ? કોઈ પણ વાતની કોઈ દિશા, દશા કે પ્રમાણ હોત જ નહી જ્ઞાન મેળવવા માટે હંમેશા પુસ્તકની જરૂર રહી જ છે. બે વર્ષના બાળકથી લઈને ઉંમરલાયક વ્યકિત પણ પોતાના જીવનમાં પુસ્તકોનો ઉપયોગ કરતા જ હોય છે પછી એ પુસ્તક ગમે તે વિષયનું હોય એમાં અતિશયોકિતને સ્થાન નહીં. શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીનકાળમાં પુસ્તકો ન લખાયા હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવતગીતા, ભાગવદ જેવા ગ્રંથોનું દર્શન અને એમાં વસેલા જ્ઞાનને જાણીને તેનો અમલ કરી જન શકયા હોત આથી પણ વિશેષ આપણા પ્રાચીન વેદો થકી આપણે જીવન કઈ રીતે જીવવું એ જાણી




ન શકયા હોત.

વર્તમાન સમયમાં દુનિયામાં કેટલાંક સંશોધનો થયા છે કે દરેક ઉગતા દિવસ સાથે લોકો વાંચન ક્ષમતા ઘટતી જાય છે. લોકો આજે વાંચન બહુ ઓછું અથવા જરા પણ પસંદ નથી કરતા. તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેના જે ઓડિયો વિઝયુઅલ મટિરિયલ મળી રહે છે તે હોય શકે. ડિજિટલ મીડિયા આવવાથી અખબારોના વેંચાણમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે બાબતનું એક ચોકકસ ઉદાહરણ થઈ શકે. પરંતુ બીજી બાજુ એ પણ છે કે આખી દુનિયામાં અગણિત સંખ્યામાં લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે. સમય સાથે ઘણા નવા પુસ્તકાલય પણ સ્થપાય છે ઉપરાંત એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ ૨૭૦૦થી વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાંચન ક્ષમતા ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો પ્રકાશિત થઈને કયાં જાય છે ? કોણ વાંચે છે ? જો લોકોની વાંચન ક્ષમતા એટલી જ ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો બહાર પાડવાની શુ જરૂર ? આ આંકડા દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે. દુનિયામાં અગણિત પુસ્તકાલયો, થોકબંધ પુસ્તકો, પ્રસિદ્ધ લેખકો સાથે ઉભરતા લેખકો ધ્વારા લખાયેલા વિવિધ પ્રકારના જેવા કે વાર્તા, નવલિકા, નાટક, કવિતા, હાસ્યરસ કે વિવેચનવાળા પુસ્તકો હજુ પણ વિશ્વમાં રહેલા પુસ્તક પ્રેમી લોકો દ્વારા વંચાય રહ્યા છે. – **મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## અમરેલી ખાતે લોકસાહિત્ય સેતુની નિયમિત બેઠક મળી



અમરેલી, તા.૨૨

પ.પૂ. સંતશિરોમણી પ્રિયમિત્ર મોરારિબાપુ હરિયાણાના રૂડા આશીર્વાદ અને સ્વર્ગસ્થ ડોકટર પ્રતાપભાઈ પંડયાના સહયોગથી સ્થાપિત લોકસાહિત્ય સેતુપરિવાર સંસ્થાની નિયમિત બેઠક ભાગ્યલક્ષ્મિ શોપિગ મોલ માણેકપરા મેઈન રોડના વિશાલ હોલમાં ૧૨૭મી બેઠક યોજવામાં આવેલ. આરંભમાં સંસ્થાનાં પ્રમુખ મહેન્દ્રભાઈ જોશીએ બેઠક અંગેના વિશાળ હોલના દાતાના સહયોગ બદલ ઋણ સ્વિકાર કરી આભાર વ્યકત કરી સહુને શાબ્દિક આવકાર આપ્યો. લોકસાહિત્ય સેતુના કલાકારો સર્વ કોકીલ કંઠી બીનાબેન શુકલ પોતાના કર્ણપ્રિય ગળાથી સંગીતના સથવારે સંતવાણી પીરસી શ્રોતાઓને ડોલાવી દીધા. એવા જ મીઠા ગળાના રેડિયો કલાકાર કેવિનભાઈ રોકડે પોતાની આગવી હલકથી તાલીઓની રમઝટ જીલી. લોકસાહિત્યમાં ગાયક કલાકાર કરણ વાજાએ વિવિધ લોકગીતોની આગવી શૈલીમાં શ્રોતાઓને સંભળાવી ખુશ કરી દીધા. કાર્યક્રમમાં વિશાળ સંખ્યાના ભાવિકઓની ઉપસ્થિતિમાં લોક સાહિત્યના કલાકારોને વિવિધ પ્રોત્સાહન પુરા પાડી સહુને પ્રોત્સાહન પુરા પાડનાર ભાજપના આગેવાન સહકારી ક્ષેત્રના મહિલા ભાવનાબેન ગોડલીયાનું લોકસાહિત્ય સેતુ પરિવાર ધ્વારા સન્માન કરવામાં આવ્યું. આ સન્માનમાં સર્વ બીનાબેન શુકલા, તરૂબેન સંસ્થાના ખજાનચી, હસુદાદા જોશી, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લાના પ્રમુખ આદરણીય ઈતેશભાઈ મહેતા, તરૂબેન વ્યાસ, કેશુભાઈ રજનીભાઈ ભટ્ટ સમેત વિશાળ સંખ્યામાં મહાનુભાવો જોડાયા કાર્યક્રમને અંતે આભાર દર્શન ખજાનચી હસુભાઈ જોશીએ પોતાની આગવી શૈલીમાં કર્યુ.

## રાજુલાના યુવા અગ્રણી સમીર કનોજીયાનો આજે જન્મદિવસ

રાજુલા, તા. ૨૨

૩૩ જેટલા રકતદાન કેમ્પ કરી અનેક લોકોને નવજીવન આપવા મદદરૂપ થનાર રાજુલાના યુવા અગ્રણી અને સેવાભાવી નવયુવાન સમીર કનોજીયાનો આજે જન્મ દિવસ છે. ભારતીય જનતા પાર્ટીના અમરેલી જીલ્લા લઘુમતી મોરચાના મહામંત્રી તરીકેની જવાબદારી પણ છે સમીર કનોજીયા સેવાકીય પ્રવૃત્તિમાં હમેશા અગ્રેસર રહી માનવતાની મહેક પ્રસરાવી રહ્યા છે. કોરોના કાળ દરમ્યાન લોકો સાથે રહી હોસ્પિટલમાં સેવા બજાવી અને લોકડાઉન સમયે ટિફિન વ્યવસ્થા કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું હતું. સાથોસાથ તેકતે વાવાઝોડા સમયે દરેક ગામમાં પાણી વિતરણ અને જરૂરિયાતમંદ



લોકોને કીટ વિતરણ કરવાનું ખૂબ સરાહનીય કાર્ય કરેલ છે ત્યારે રાજુલા વિસ્તારના આ નવયુવાનના જન્મ દિવસ નિમિત્તે તેમના પરિવારજનો, મિત્ર મંડળ, સામાજિક અને રાજકીય અગ્રણીઓ તેમજ શુભચિંતકો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે ત્યારે આપ પણ તેમના મો. ૯૯૦૪૬ ૩૯૪૫૬ પર શુભેચ્છાઓ પાઠવી શકો છો.

### અમરેલી શહેર ભાજપ હોદેદારો

| ક્રમ | નામ | જવાબદારી |
|---|---|---|
| ૦૧ | શ્રી વિજયભાઈ વજુભાઈ ચોટલીયા | પ્રમુખ |
| ૦૨ | શ્રી મૌલિકભાઈ જયેશભાઈ ઉપાધ્યાય | ઉપપ્રમુખ |
| ૦૩ | શ્રી દેવરાજભાઈ નરેશભાઈ બાબરિયા | ઉપપ્રમુખ |
| ૦૪ | શ્રી નાથુભાઈ નાનાભાઈ ધાધલ | ઉપપ્રમુખ |
| ૦૫ | શ્રી ધર્મેશભાઈ ધનજીભાઈ અજાણી | ઉપપ્રમુખ |
| ૦૬ | શ્રી રાજનભાઈ હસમુખભાઈ રામાણી | ઉપપ્રમુખ |
| ૦૭ | શ્રી વર્ષાબેન વ્રજલાલભાઈ મકવાણા | ઉપપ્રમુખ |
| ૦૮ | શ્રી યોગેશભાઈ સૂર્યકાંતભાઈ ગણાત્રા | મહામંત્રી |
| ૦૯ | શ્રી રાકેશભાઈ લાલજીભાઈ સાવલિયા | મહામંત્રી |
| ૧૦ | શ્રી પંકજભાઈ અરવિંદભાઈ સોલંકી | મંત્રી |
| ૧૧ | શ્રી વિમલગીરી બચુગીરી ગોસાઈ | મંત્રી |
| ૧૨ | શ્રી ડાયાભાઈ માલાભાઈ મકવાણા | મંત્રી |
| ૧૩ | શ્રી આરતીબેન ચિરાગભાઈ અટારા | મંત્રી |
| ૧૪ | શ્રી કિરણબેન જયંતીભાઈ પડાયા | મંત્રી |
| ૧૫ | શ્રી રેખાબેન વિનુભાઈ પરમાર | મંત્રી |
| ૧૬ | શ્રી પ્રવિણાબેન રમેશભાઈ રાઠોડ | કોષાધ્યક્ષ |

### કુંકાવાવ તાલુકા ભાજપ હોદેદારો

| ક્રમ | નામ | જવાબદારી |
|---|---|---|
| ૦૧ | શ્રી વિપુલભાઈ ભીખાભાઈ વસાણી | પ્રમુખ |
| ૦૨ | શ્રી લક્ષ્મીબેન ગજેન્દ્રભાઈ પટોળીયા | ઉપપ્રમુખ |
| ૦૩ | શ્રી અરવિંદભાઈ વિરજીભાઈ ડોબરિયા | ઉપપ્રમુખ |
| ૦૪ | શ્રી પુનાભાઈ પાંચાભાઈ કોટડીયા | ઉપપ્રમુખ |
| ૦૫ | શ્રી હરેશભાઈ બાબુભાઈ તેરૈયા | ઉપપ્રમુખ |
| ૦૬ | શ્રી ચંદ્રિકાબેન દિનેશભાઈ સરધારા | ઉપપ્રમુખ |
| ૦૭ | શ્રી મધુભાઈ ગોકળભાઈ કાવઠીયા | ઉપપ્રમુખ |
| ૦૮ | શ્રી શૈલેશભાઈ પ્રેમજીભાઈઠુંમર | મહામંત્રી |
| ૦૯ | શ્રી મનસુખભાઈ જસમતભાઈ બરવાળીયા | મહામંત્રી |
| ૧૦ | શ્રી વનીતાબેન મુકેશભાઈ ભેસાણીયા | મંત્રી |
| ૧૧ | શ્રી નીલેશસિંહ જેશીંગસિહ પરમાર | મંત્રી |
| ૧૨ | શ્રી હંસાબેન મહેશભાઈ મૈયાત્રા | મંત્રી |
| ૧૩ | શ્રી રસિકભાઈ રાઘવભાઈ ગોલ | મંત્રી |
| ૧૪ | શ્રી ધર્મેશભાઈ મનસુખભાઈ સોરઠીયા | મંત્રી |
| ૧૫ | શ્રી સોનલબેન યોગેશભાઈ પાનસુરીયા | મંત્રી |
| ૧૬ | શ્રી મનસુખભાઈ હરિભાઈ બોરડ | કોષાધ્યક્ષ |

### અમરેલી તાલુકા ભાજપ હોદેદારો

| ક્રમ | નામ | જવાબદારી |
|---|---|---|
| ૦૧ | શ્રી ચેતનભાઈ દિનેશભાઈ ધાનાણી | પ્રમુખ |
| ૦૨ | શ્રી રાજેશભાઈ જીણાભાઈ સુરાણી | ઉપપ્રમુખ |
| ૦૩ | શ્રી પ્રતાપભાઈ આલેખભાઈ વાળા | ઉપપ્રમુખ |
| ૦૪ | શ્રી જાદવભાઈ નાજાભાઈ ગાળિયા | ઉપપ્રમુખ |
| ૦૫ | શ્રી દામજીભાઈ તુલસીભાઈ જાવિયા | ઉપપ્રમુખ |
| ૦૬ | શ્રી અરવિંદભાઈ કાનજીભાઈ કાકડિયા | ઉપપ્રમુખ |
| ૦૭ | શ્રી પ્રવીણભાઈ ગોબરભાઈ તેરવાડિયા | ઉપપ્રમુખ |
| ૦૮ | શ્રી કાળુભાઈ ભાણભાઈ વાળા | મહામંત્રી |
| ૦૯ | શ્રી મધુભાઈ મગનભાઈ હરખાણી | મહામંત્રી |
| ૧૦ | શ્રી બલભદ્રભાઈ કનુભાઈ કોઠીવાળ | મંત્રી |
| ૧૧ | શ્રી નીલાબેન ભાર્ગવભાઈ માંગરોળીયા | મંત્રી |
| ૧૨ | શ્રી રીંકલબેન વિમલભાઈ વાકડા | મંત્રી |
| ૧૩ | શ્રી તરૂણાબેન હરેશભાઈ ભાસ્કર | મંત્રી |
| ૧૪ | શ્રી લક્ષ્મીબેન નનુભાઈ હેલૈયા | મંત્રી |
| ૧૫ | શ્રી વિપુલભાઈ હિંમતભાઈ સેજલીયા | મંત્રી |
| ૧૬ | શ્રી નિર્મળાબેન ગીરીશભાઈ ઘાડિયા | કોષાધ્યક્ષ |

### શ્રી મોમાઈમા મંદિરે યોજાયો મહોત્સવ

## બાબરાનાં ઘુઘરાળામાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

**સમગ્ર જેબલિયા પરિવારે માનાં આશીર્વાદ લીધા**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૨

બાબરામાં ઘુઘરાળા ગામે જેબલિયા પરિવારના કુળદેવી મોમાઈ માતાજીના મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

અહીં ઘુઘરાળામાં જેબલિયા પરિવારના કુળદેવી મોમાઈ માતાજીનું નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા યજ્ઞ મહાઆરતી તેમજ મહાપ્રસાદ સહિતના દિવ્ય કાર્યક્રમો યોજાયા હતા અને વાજતે ગાજતે માતાજીના ભવ્ય અને દિવ્ય સામૈયા કરી માતાજીની નિજ મંદિરમાં પધરામણી કરવામાં આવી હતી.

અહીં મોટી સંખ્યામાં સમાજ કુટુંબ અને સ્નેહીજનો અને મિત્રો તેમજ સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહી માતાજીના રૂડા આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

## ૨૩ એપ્રિલ, 'વિશ્વ પુસ્તક દિવસ' – (વર્લ્ડ બૂક ડે)

અમરેલી, તા. ૨૨

સાહિત્ય ક્ષેત્રે ખુબ જ મોટુ યોગદાન આપેલ એવા પ્રખર સાહિત્ય સર્જક શેકસપિયરનો જન્મ ૨૩મી એપ્રિલે થયેલ. (૨૩ એપ્રિલ ૧૫૬૪) અને આ સાહિત્યના ઉપાસકે દુનિયાને અલવિદા પણ ૨૩મી એપ્રિલે કરેલ. શેકસપીયરે સાહિત્યમાં આપેલા અમૂલ્ય યોગદાન ની નોંધ લઈને યુનેસ્કોએ ત્યાં સંબંધિત સંગઠનો દ્વારા ૧૯૯૫ થી ૨૩ એપ્રિલના દિવસે ' વર્લ્ડ બુક ડે'– વિ પુસ્તક દિવસ. તરીકે ઉજવવાનું નક્કી કર્યુ. શેકસપિયર સિવાય પણ ઘણા જાણીતા સાહિત્ય સર્જકોનો જન્મ અથવા અવસાન આ તરીકે થયેલ હોય આ દિવસને 'વર્લ્ડબુક ડે' તરીકે ઉજવવા માટે નક્કી કરવામાં આવ્યું. ત્યારબાદ આપણા દેશમાં પણ ૨૦૦૧થી ૨૩ એપ્રિલના દિવસને 'વિ પુસ્તક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ ખાસ દિવસે ઉજવણી થકી એક સાથે વિભરના લેખકો તથા પુસ્તકોનુ સન્માન થાય અને સાથે સાથે વાંચનની કળ



(અહેવાલ : દિલુભાઈ એમ. ખુમાણ – હાથસણી)

ને પ્રોત્સાહન પણ મળે તેવો ઉદેશ પણ સમાયેલો છે. આમ પણ વ્યકિતનો ખરો મિત્ર હોય તો તે પુસ્તક જ છે. પુસ્તકો માત્ર શિક્ષણ માટે જ મહત્વપૂર્ણ નહી પરંતુ સુખ, શાંતિ અને આનંદ વધારવામાં પણ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. પુસ્તકનું વાંચન આપણને નવી ઊર્જા અને આત્મવિસ પ્રદાન કરે છે. સાથે સાથે જીવનની નવી દિશા પણ આપે છે. આમ એક ઉત્તમ કાર્ય પુસ્તક કરે છે. આધુનિક યુગમાં પણ ઘણા એવા લેખકો છે જેના પુસ્તકો બેસ્ટ સેલર તરીકે નોંધાયેલા છે અને નોબેલ પ્રાઈઝ જેવા વિમાન્ય પુરસ્કારથી સન્માનિત થાય છે. આમ આજના આધુનિક યુગમાં પણ પુસ્તકોએ પોતાને એક આગવી ઓળખ જાળવી રાખી છે જે પુસ્તકો માટે જમા બાજુ કહી શકાય. માનવજાતના સામાજિક અને સાંસ્કૃતિક વિકાસમાં લેખકોએ આપેલ નોંધપાત્ર યોગદાનને આપણે નજર અંદાજ ના કરી શકીએ કે ના વિસરી શકીએ. ટૂંકમાં પુસ્તક જ્ઞાનનું પરબ છે અને ઈતિહાસને જાળવી રાખવાનું કોઈ ઉત્તમ કાર્ય કર્યુ હોય તો તે લેખકના માધ્યમ થકી એક પુસ્તક દ્વારા જ કરવામાં આવ્યું છે. આજના ડિજિટલ યુગમા લોકોમા વાંચન પ્રત્યે જાગૃતિ આવે એ જ 'વિ પુસ્તક દિવસ'ની ઉજવણીમા ખરો હેતુ સમાયેલો છે.

## જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અને સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ ધારી-બગસરા- ખાંભા મતવિસ્તારના ધારાસભ્ય જે.વી પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં, જન પ્રતિનિધિઓએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમા આંતરિક અને અન્ય રસ્તાઓ સાથે જોડતાં રસ્તાઓ, સિંચાઈ , વીજળી વિવિધ દસ્તાવેજો અરજદારોના નામ સુધારણા, પાણી, જમીન માપણી અને જમીન સંપાદન સહિત પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી. જિલ્લા કલેકટર અજય દહિયાએ, નાગરિકોના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે સંબંધિત કચેરીઓના વડાઓને સંકલન કરવા અને ઘટતું કરવા સૂચના આપી હતી. સીએમડીના પ્રશ્નો અને રજૂઆતોનો નિકાલ નિયત સમય મર્યાદામાં કરવા, તપાસણીને લગતી બેઠક અને રિવ્યુ કામગીરી સમયાંતરે અને એટીવીટીનાં કાર્યોની સમીક્ષા કરવામાં આવે, મંજૂરી મળી હોય અને બાકી રહ્યા હોય તેવા વિકાસ કાર્યો હાથ ધરવામાં આવે તે બાબતે જિલ્લા કલેકટરએ દિશાનિર્દેશો આપ્યા હતા. બેઠક સંચાલન નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે કર્યુ હતું. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલ, સાવરકુંડલા- લીલીયા વિસ્તારના પ્રાંત અધિકારી મહેશ નાકિયા, રાજુલા પ્રાંત અધિકારી ડો. મેહુલ બગસરા, લાઠી પ્રાંત અધિકારી નીરવ બ્રહ્મભટ્ટ, બગસરા, ધારી, સાવરકુંડલા-લાઠી પ્રાંત અધિકારી, કાર્યપાલક ઈજનેર ધોળાવાળા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, તાલુકા અને શહેર મામલતદાર તાલુકા વિકાસ અધિકારી વિવિધ કચેરીઓના અધિકારીઓ અને કર્મયોગીઓ સહિતના બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# નાનામુંજીયાસર ગામે કિસાન પરિવાર દ્વારા ૧૨મો સર્વજ્ઞાતિ સમૂહલગ્ન સમારોહ યોજાયો









તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરાના નાના મુંજિયાસર ગામે કિસાન પરિવાર દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ સર્વજ્ઞાતિ સમૂહલગ્ન સમારોહ યોજાયો જેમાં ૧૨ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા જેમાં સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા આ તકે તમામ નવ દંપતિઓને દાતાના સહયોગથી કરિયાવર આપવામાં આવ્યો હતો તેમજ આ સમારોહમાં આશરે ૩ હજાર લોકોએ પ્રસાદ લીધો હતો તેમજ દાતાઓને હાર તથા સાલ તથા મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા આ સમગ્ર સમુહ લગ્નનુ આયોજન નાના મુંજીયાસર ગામના મનસુખભાઈ ક્યાડા તથા તેની ટીમ યુવાનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું તથા સમગ્ર દાતાઓના સહયોગથી આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.




## પાલિકાનાં સત્તાપક્ષનાં સદસ્યોએ સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસની કરી માંગ

# લૂંટો ભાઈ લૂંટો : ચલાલામાં “વોટરકુલર”ની ખરીદીમાં ભ્રષ્ટાચાર ?

**સ્ટાન્ડર્ડ કંપનીનાં વોટરકુલર લગાવવાને બદલે હલ્કી ગુણવત્તા ધરાવતા કુલર લગાવી દીધાનો આક્ષેપ**

**જનતાનાં પરસેવાનાં પૈસાનો પાણીની સુવિધા પાછળ ખોટી રીતે ઉપયોગ થતાં નારાજગી**

**મહાકાય કૌભાંડમાં શંકાની સોય સત્તા પક્ષનાં ધારાસભ્ય સામે તાકવામાં આવતાં ચકચાર મચી**

**વોટર કુલર સપ્લાય કરનાર કંપનીનું પેમેન્ટ અટકાવી દેવાની પણ માંગ કરાઈ**



ચલાલા, તા. ૨૨

ચલાલાનગર પાલિકામાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી જ ખરીદ કરાયેલ વોટરકુલર (આરઓ સીસ્ટમ સાથેના)માં ધારાસભ્યની મીઠી નજર તળે નગરપાલિકા ના સત્તાધીશો, ચિફ ઓફિસર અને એન્જીનિયરની મીલીભગતથી મસમોટો ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ કરી યોગ્ય તપાસ કરવાની માંગણી ચલાલા નગરપાલિકાના પુર્વ ઉપ પ્રમુખ અને સદસ્યનાં પતિ જયરાજભાઈ વાળા અને પરેશભાઈ કાથરોટીયાએ લેખીતમાં માંગણી કરતા નગરપાલિકામાં હડકંપ મચી ગયો છે. સદસ્યોએ જણાવ્યા મુજબ ચલાલા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી વોટરકુલર (આરઓ) મુકવામા આવેલ છે. આ વોટરકુલર ખરીદ કરવા માટે ટેન્ડર પ્રોસેસમાં આ ટેન્ડર અમરેલીની રાહી કન્સ્ટ્રકશનને ટેન્ડર લાગ્યુ હતુ. નવાઈની વાત તો એ છે કે ધારાસભ્યનુ ચલાલા હોમટાઉન હોય, નગરપાલિકા પણ ધારાસભ્યના સીધા માર્ગદર્શન અને સીધી દેખરેખ નીચે ચાલતી હોય. ગ્રાન્ટ પણ ધારાસભ્ય એ જ ફાળવેલ હોય તેમ છતાં રાહી કન્સ્ટ્રકશન એજન્સી દ્વારા કુલ નવ વોટરકુલર આઈએસઆઈ અને આઈએસઓ માર્કા વગરના તદન હલ્કી કક્ષાનુ મટીરીયલ્સવાળા ધાબડી દેવામા આવ્યા છે.

એક બાજુ સરકારનો ઉદ્દેશ છે કે બધી જ વસ્તુઓ સારી કવોલેટી અને સારી ગુણવત્તા ધરાવતા તેમજ આઈએસઆઈ અને આઈએસઓ પ્રમાણિત હોવા જોઈએ. ત્યારે ઉપરોકત એજન્સી દ્વારા વોટરકુલર સરકાર માન્ય કોઈ સ્ટાન્ડર્ડ કંપનીનુ નામુકી તદન હલ્કી કક્ષાનુ મટીરીયલ વાળુ વોટરકુલર મુકવામા આવેલ હોય. આ તમામ વોટરકુલર જાહેર જગ્યાએ જાહેર જનતાના ઉપયોગ માટે મુકવામા આવેલ છે. આ પ્રકારની તદન હલ્કી

અનુસંધાન પાના ૬ ઉપર

## અગાઉ થયેલ રજુઆતનું પરિણામ શૂન્ય

# અમરેલીનાં પાયલોટ ટ્રેનીંગ સેન્ટરનું સ્થળાંતર કરવાની માંગ બળવતર બની

**સેવાભાવી શકિત ગ્રૃપે યોગ્ય રજુઆત કરી**

અમરેલી, તા.૨૨

અમરેલીના સેવાભાવી શકિત ગ્રૃપે પાયલોટ ટ્રેનીંગ સેન્ટરનું સ્થળાંતર કરવાની માંગ કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, અમરેલીમાં એરપોર્ટ રહેણાંક વિસ્તારની નજીકમાં છે. અને છેલ્લા થોડા મહિનાથી સવારનાં ૭થી રાત્રિનાં ૧૨ વાગ્યા સુધી સતત પાયલોટ ટ્રેનીંગ શરૂ રહેતા ધ્વનિપ્રદુષણ પણ ફેલાઈ રહયું છે. અને સમગ્ર શહેરનાં નાગરિકોમાં છુપો ભય પણ જોવા મળતો હોય દોઢ લાખ શહેરીજનોનાં હિતમાં ટ્રેનિંગ સેન્ટરનું સ્થળ બદલવા માંગ કરેલ છે.

## બાબરાનાં જનજાગૃતિ દેવીપૂજન સમાજે કરી માંગ

# સુરતમાં માત્ર ૨૦ રૂપિયા માટે સગીરની હત્યા કરનાર આરોપીઓને કડક સજા કરો

**મૃતક સગીરનાં પરિવારજનોને આર્થિક મદદ કરવા પણ માંગ**



બાબરા, તા. ૨૨

બાબરાનાં જનજાગૃતી દેવીપૂજક સમાજ સેવા સમિતી દ્વારા અમરેલીનાં સાસંદને આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સુરત શહેરમાં ગત તારીખ ૧૪/૪/૨૫ સોમવારે (આંબેડકર જયંતિ) રાત્રે ૧૭ વર્ષીય અરવિંદભાઈ વાઘેલા, દેવીપુજક નિર્મમ હત્યા કરવામાં આવી છે. હત્યા કરનાર પરપ્રાંતિય પ્રભુ શેટ્ટીએ મુતક યુવાન પરેશ પાસે દારૂનો

અનુસંધાન પાના ૬ ઉપર

## પડતર માંગ પુર્ણ ન થતા

# લીલીયા મોટા : મહેસુલી કર્મચારીઓએ કાળીપટ્ટી બાંધી નારાજગી વ્યકત કરી

**જો કે અરજદારોને કોઈ પરેશાની ન પડી**



લીલીયા મોટા, તા. ૨૨

લીલીયા મોટા મહેસુલી કર્મચારી દ્વારા ગુજરાત રાજય મહેસુલ કર્મચારી મહામંડળના આદેશ મુજબ કર્મચારીઓના પેન્ડિંગ પ્રશ્નો સબંધે સરકાર દ્વારા સમય મર્યાદામાં કઈ હકારાત્મક વલણ અપનાવેલ ન હોવાથી સ્ટેપ બાય સ્ટેપ આંદોલનના કાર્યક્રમો

અનુસંધાન પાના ૬ ઉપર

## લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર તરફ આવન-જાવન કરવામાં પરેશાની

# સાવરકુંડલાનાં જેસર માર્ગ ઉપરનું રેલ્વે ફાટક અવારનવાર ૧૦ થી ૧૨ મિનીટ સુધી બંધ રહેતા વાહનચાલકો પરેશાન

**નાના ગરનાળામાંથી વાહન પસાર કરતી વખતે ટ્રાફિક સમસ્યા ઉભી થાય છે**



સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા જેસર રોડ સ્મશાન પાસે આવેલ ફાટક અવાર નવાર ૧૦થી ૧૨ મીનીટ સુધી ફાટક બંધ રહેતા જેસર રોડ ફાટકની બાજુમાં આવેલ રેલ્વેના ગરનાળા નીચે ટ્રાફિક જામની ભારે સમસ્યા થઈ જવા પામે છે અને વાહન ચાલકોને ગરનાળાની બંને બાજુ મોટી સંખ્યામાં વાહનચાલકોને ઉભું રહેવું પડે છે. રેલ્વે અને સત્તાધીશો દ્વારા તાત્કાલિક ગરનાળાને પહોળું કરી તેની અંદરથી એમ્બ્યુલન્સ જેવા વાહનો સરળતાથી આવનજાવન થઈ શકે એવી વ્યવસ્થા કરવામાં આવે તો અહીંથી પસાર થતાં વાહનચાલકોને થોડી ઓછી હાલાકી ભોગવવી પડે અને વળી ફાટક બંધ હોય ત્યારે અહીંથી સરળતાથી આવનજાવન કરી શકે એ સંદર્ભે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. ખાસ કરીને સાવરકુંડલાનું રેલ્વે સ્ટેશન પણ ખૂબ જ અદ્યતન સુવિધાઓ સાથે બન્યું હોય ત્યારે આવી વ્યવસ્થા પણ થાય તો ટ્રાફિક નિયમન માટે ઘણું સરળ રહે. રેલ્વેના પાટાના પેલે પાર સાવરકુંડલા શહેરનું શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિર પણ આવેલ છે ફાટક બંધ સ્થિતિમાં અહીંથી સરળતાથી હોસ્પિટલે પહોંચી શકાય એવા હોસ્પિટલ સુધીના રસ્તાનુ પણ નિર્માણ થાય એ દિશામાં સંલગ્ન તંત્ર દ્વારા ગંભીરતાથી વિચારવું જોઈએ. આ ઉપરાંત હોમગાર્ડ અને ટ્રાફિક બ્રિગેડ જવાનોને રેલ્વે ફાટક તથા ગરનાળા પાસે તૈનાત કરવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા હળવી બને એવું લોકોનું માનવું છે.

# ગાધકડાના બીએસએનએલ ટાવરથી ગ્રાહકો ત્રાહિમામ

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે તેમજ વીજપડી ગામે આવેલ બી.એસ.એન.એલ.નો ટાવર હાલ કોઈપણ સ્થિતિમાં કાર્યરત નહી. હોવાના કારણે અનેક ગ્રાહકો પરેશાન તેમજ સરકારી કચેરીઓમાં પણ બી.એસ.એન.એલ.ના બ્રોડબેન્ડ કનેકશન હોવાથી ગ્રાહકો તેમજ સરકારી કર્મચારીઓને ભારે પરેશાની ભોગવવી પડે છે. આજનાં હાઈ ટેક ડિઝીટલ યુગમાં કનેકિટવિટીએ સૌથી અગત્યનું ફેકટર કહેવાય. એ બાબત પણ તંત્ર ધ્વારા ધ્યાને લેવી જોઈએ સ્લો કનેકિટવિટી પણ આજના યુગમાં પોસાઈ તેમ નથી. એમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)